

આત્માની પૂર્ણ વીતરાગ દશાને પ્રાપ્ત થયેલા પરમાત્મા છે તે હું જ છું, કેમ કે હું જ પોતે પરમાત્મા થવાને લાયક છું. યોગીન્દ્રદેવ કહે છે કે તારે મુક્તિનું પ્રયોજન હોય તો આમ પહેલાં નક્કી કર! નિર્ણય કર! કે "હું જ પરમાત્મા છું."

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૯ □ (૫૫૨) ❋ આત્મધર્મ ❋ (અંક-૪ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૫ ઓક્ટોબર, ૧૯૮૯

આહાહાહા !

# મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી !

## ગજબ વાત છે !!

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી નિયમસારનો આ ૭૩ મો શ્લોક છે. તેમાં શ્રી પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે— 'શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી; ' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.

શુદ્ધ નિશ્ચયથી એટલે પરમાર્થ દૃષ્ટિથી—ત્રિકાળ સનાતન સ્વભાવથી, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. એક સમયની પર્યાય પણ જેમાં ગૌણ છે એવી શુદ્ધ સનાતન સત્ય વસ્તુની દૃષ્ટિથી, તેની મુક્તદશા અને તેની સંસાર દશા બંને સમાન છે. સંસાર દશા અને મુક્ત દશા બંને પર્યાયનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય છે માટે બંનેમાં કાંઈ તફાવત નથી.

આહાહાહા.... ક્યાં નિગોદની દશા ! અને ક્યાં સિદ્ધની દશા ! સહજ ત્રિકાળ આત્મસ્વરૂપની દૃષ્ટિએ તે બેમાં કાંઈ તફાવત નથી. કોઈને એમ લાગે કે આ શું ! પણ કહે છે કે પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં શુદ્ધતત્ત્વના રસિકપુરુષો આમ કહે છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવભાવના રસિકપુરુષો સંસાર અને મોક્ષમાં કાંઈ તફાવત જોતાં નથી.

શ્રોતા :— અવસ્થા દૃષ્ટિએ તફાવત નથી કે દ્રવ્યદૃષ્ટિએ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- દ્રવ્યદૃષ્ટિએ સંસાર અને મોક્ષમાં કાંઈ તફાવત નથી. દ્રવ્યદૃષ્ટિ કહો કે શુદ્ધ નિશ્ચયનય કહો કે ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કહો. તે દૃષ્ટિએ તે બંને અવસ્થામાં કાંઈ તફાવત નથી. બંને પર્યાય વ્યવહારનયનો વિષય છે. પર્યાય નથી એમ નથી પણ તે વ્યવહારનયનો વિષય છે, દ્રવ્યદૃષ્ટિનો વિષય નથી.

આ વાત શી રીતે બેસે ? ક્યાં નિગોદના જીવો અને ક્યાં સિદ્ધો ! પર્યાયદૃષ્ટિએ મોટો ફેર હોવા છતાં વસ્તુદૃષ્ટિએ જોતાં વસ્તુમાં પર્યાય છે જ નહિ તેથી નિગોદની પર્યાય હો કે મોક્ષની પર્યાય હો તેથી દ્રવ્યમાં કાંઈ ફેર પડતો નથી. નિગોદના અસંખ્ય શરીરમાંથી એક શરીરની અંદર રહેલા જીવોના અનંતમા ભાગ જેટલા જ જીવો મુક્તિ પામ્યા છે. અનંત અનંતગુણા જીવો તો નિગોદમાં રહ્યાં છે પણ એ બધી પર્યાયદૃષ્ટિની વાત છે. નિશ્ચયદૃષ્ટિએ સિદ્ધ અને સંસારમાં કાંઈ ફેર નથી. આવી દૃષ્ટિ થયા વિના પૂર્ણ સત્યનો સ્વીકાર હોઈ શકે નહિ.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૫ ]

કહાન
સંવત–૯
વર્ષ–૪૬
અંક–૪
[ ૫૫૨ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
Oct.
A.D. 1989

[ પ્રવચન નં. ૫૬ ]

# શાસ્ત્ર ભણતરનો સાર

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૫–૬–૬૬ ]

શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્રની આ ૫૦ ગાથા પૂરી થઈ, હવે ૫૧ મી ગાથા શરૂ થાય છે. તેમાં શ્રી પૂજ્યપાદસ્વામી આ શાસ્ત્રના અધ્યયનથી થતાં સાક્ષાત્ ફળ અને પરંપરા ફળને બતાવે છે:—

इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान्,
मानापमानसमतां स्वमताद् वितन्य ।
मुक्ताग्रहो विनिवसन्सजने वने वा,
मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः ॥ ५१ ॥

ઈષ્ટોપદેશ મતિમાન ભણી સુરીતે,
માનાપમાન તું સહે નિજ સામ્યભાવે,
છોડી મતાગ્રહ વસે સ્વજને વને વા,
મુક્તિવધૂ નિરુપમા જ સુભવ્ય પામે. ૫૧.

આ ઇષ્ટોપદેશ વાંચી, તેમાં કહેલાં ભાવોને બરાબર સમજી, જે ભવ્ય જીવ હિત–અહિતની પરીક્ષામાં દક્ષ–નિપુણ થયો છે તે આત્મજ્ઞાનના બળથી માન–અપમાનમાં સમતાનો વિસ્તાર કરે છે.

પોતાનો શુદ્ધ જ્ઞાન, આનંદસ્વરૂપ આત્મા જ આદરણીય છે તે સિવાય દરેક વિકલ્પ આદિ બધું અહિતકર છે.

શ્રોતા :—ક્યારે ?

પૂજ્ય ગુરુદેવ :—ક્યારે શું ? અત્યારે. જ્યાં સાચી સમજણ થાય છે ત્યાં એ જ વખતે હેય-ઉપાદેયનો વિવેક આવી જાય છે. ૫૦ મી ગાથામાં આ બધી વાત સમાઈ ગઈ છે.

આ ઇષ્ટોપદેશ ભણીને શું કરવું ? કે પોતાનું ઇષ્ટ પ્રાપ્ત કરવું. પોતાનું ઇષ્ટ શું છે ?–કે સહજાનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પર્યાયમાં થાય તે મોક્ષ છે, તે ઇષ્ટ છે, આત્માનું સુખ ઇષ્ટ છે અને આત્મામાં એકાગ્રતારૂપ ધ્યાન તે પણ ઇષ્ટ છે.

શુદ્ધ ચિદાનંદસ્વરૂપ નિજ આત્માનો આશ્રય કરીને જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન, પવિત્રતાનો અનુભવ કર્યો છે એવા ધર્મી જીવો માન–અપમાન આદિનો આગ્રહ છોડી દે છે.

જેણે સત્ ચિદાનંદસ્વરૂપ આત્માના આશ્રયે પર્યાયમાં ધર્મ પ્રગટ કર્યો છે—આત્મજ્ઞાન કર્યું છે એવા ધર્મી જીવને અતીન્દ્રિય આનંદનું વેદન હોવાથી બહારમાં પોતાની મહત્તા થવાથી માન થતું નથી કે મહત્તાનું ખંડન થવાથી અપમાન લાગતું નથી.

બહારમાં કોઈ અજ્ઞાનીને પણ મહત્તાથી માન ન થાય અને માન ન મળે તો અપમાન ન લાગે, તે એક પ્રકારનો મંદકષાય છે, તે સ્થૂળ છે. પણ આ તો આત્મજ્ઞાનના કારણે ધર્મીને બહારનું બધું ફીકું લાગે છે. કેમ કે ત્રણલોકના નાથ ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમદેવે જેવો અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા જોયો છે તેવો જ ધર્મીએ પોતાની દૃષ્ટિમાં દૃશ્ય કર્યો છે, જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યો છે. તેથી તેને આત્મામાં ઇષ્ટપણું, ધ્યાનપણું, આનંદપણું અને શાંતિ પ્રગટ થયાં છે. તેની પાસે ધર્મીને બહારમાં કાંઈ સારભૂત લાગતું નથી. તેથી ધર્મી માન-અપમાનમાં સમતાનો વિસ્તાર કરે છે.

શાસ્ત્ર ભણીને કરવું શું ? શું શાસ્ત્ર લખવા ? શું બીજાને સમજાવવા ?—ના. શાસ્ત્ર ભણતરનો સાર એ છે કે પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવો અને બહારમાં કોઈ માન-અપમાન આદિના પ્રસંગો બને તો સ્વભાવ-સન્મુખ દૃષ્ટિપૂર્વક સમતાનો વિસ્તાર કરવો તે આ ઇષ્ટોપદેશ ભણવાનું ફળ છે–સાર છે, વીતરાગતાનો વિસ્તાર તે સાર છે.

ઉપરથી ઇન્દ્રો આવીને ખૂબ માન-સન્માન કરે કે કોઈ નિર્ધન માણસ અપમાન કરી જાય તે બંને વખતે ધર્મી પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો હોવાથી બંનેમાં સમતા–વીતરાગતાનો વિસ્તાર કરે છે. વિકલ્પનો વિસ્તાર છોડે છે.

'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' જ્યાં સર્વજ્ઞ પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે પોતાના સ્વરૂપનું ભાન થયું અને સર્વજ્ઞે તેનો સ્વીકાર કર્યો કે 'આ બરાબર સમ્યગ્જ્ઞાની છે' તો કહે છે કે હવે એથી વિશેષ બીજા કોનું માન તારે જોઈએ

છે? અને જો સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા બહાર પોતાના આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ ન કર્યો અને પોતાને ધર્મી માની લીધો અને લોકો માન આપવા લાગ્યાં પણ ભગવાનની આજ્ઞામાં તારું અપમાન થયું છે તો એથી મોટું અપમાન બીજું કયું હોય?

ભગવાનની આજ્ઞાનુસાર તું શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરી સમ્યગ્જ્ઞાની થયો અને ભગવાને તને સ્વીકાર્યો તો અનાથી મોટું માન નથી અને જો તેં ભગવાનની આજ્ઞા પાળી નહિ અને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન કર્યા નહિ છતાં આખી દુનિયા તને માન આપતી હોય પણ ભગવાનની આજ્ઞાથી તું બહાર છો, ભગવાનના જ્ઞાનમાં તારો સ્વીકાર નથી તો એનાથી મોટું બીજું અપમાન કોઈ નથી. દુનિયા માન આપે કે ન આપે તેનાથી તારી કિંમત નથી.

આ મને અનુકૂળ છે, આ મને પ્રતિકૂળ છે. શરીર ઠીક રહે તો મને ઠીક, જંગલમાં રહું તો ઠીક અને ગામમાં રહું તો અઠીક એવો આગ્રહ જેણે સમતાના વિસ્તારપૂર્વક છોડ્યો છે એવા ધર્મી જીવ સર્વ આગ્રહ છોડી એક માત્ર વીતરાગતાના આગ્રહ સહિત નગર અથવા વનમાં વિધિપૂર્વક રહેતાં થકાં ઉપમા રહિત મુક્તિલક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

પોતાના સ્વરૂપમાં એકાગ્રતા અને વીતરાગતાનો વિસ્તાર થવો એ જ ઇષ્ટ છે. તેનાથી પૂર્ણાનંદરૂપ મુક્તિલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. એ સિવાય બીજું કોઈ સાધન મુક્તિનું કારણ થતું નથી.

વિધિપૂર્વક રહેવું એમ કહ્યું છે તો વિધિ એટલે શું? વિધિ એટલે સ્વરૂપમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે. આ વિધિથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

શ્રોતા:—અજાણ્યા હોય તેણે શું કરવું?

પૂજ્ય ગુરુદેવ:—અજાણ્યા હોય તેણે પણ આત્માનું જાણપણું કરવું. બધાં જીવો ચિદાનંદ સ્વભાવે બિરાજમાન છે. ચૈતન્યજ્યોતિથી ભરેલા છે, તેની દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરવી. દરેકને માટે કરવા જેવું કાર્ય હોય તો આ એક જ છે. તેનાથી જ મુક્તિલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આમાં માર્ગ અને માર્ગફળ બંને આવી ગયાં.

મોક્ષ કહો કે સુખ કહો બંને એક જ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ છે, તેનો આશ્રય કરીને પર્યાયમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કરવી તેનું નામ મુક્તિ છે. તેમાં જ ખરું સુખ છે. માટે મોક્ષ—સુખ જીવનું ઇષ્ટ છે અને તેના કારણભૂત આત્માનું ધ્યાન પણ જીવનું ઇષ્ટ છે. અંતર આત્મામાં એકાગ્રતારૂપ ધ્યાન તે ઇષ્ટ છે. વચ્ચે વિકલ્પ ઉઠે તે જીવનું ઇષ્ટ નથી.

જુઓ! મંદિર બંધાવવા કે બીજાને ઉપદેશ આપવો કે દયા, દાન, તપશ્ચરણ આદિના

વિકલ્પને ઇષ્ટ ન કહ્યાં પણ એક મુક્તિ અને મુક્તિનું કારણ ધ્યાન એ બેને જ ઇષ્ટ કહ્યાં છે.

વ્યવહાર મોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવું તે ઉપચારમાત્ર છે. ખરેખર એ મોક્ષનું કારણ નથી. એક સ્વ-આત્માના ધ્યાનરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ જ સાચો મોક્ષમાર્ગ છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપે બિરાજમાન છે. તેમાં તીર્થંકરગોત્રને યોગ્ય વિકલ્પ ઉઠે છે તે પણ અનિષ્ટ છે—ઝેર છે, દુઃખ છે, અહિતકર છે. એક જ ઇષ્ટ છે. શું? કે પુણ્ય–પાપના વિકલ્પથી પાર પૂર્ણાનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરી, જ્ઞાન કરી, તેમાં એકાકાર થવું તે રૂપ જે ધ્યાન તે જ એક ઇષ્ટ છે.

વ્યવહારરત્નત્રયના ભાવ તો ઇષ્ટ નથી પણ બંધનું કારણ છે. નિશ્ચયથી પતિત થાય ત્યારે જ વ્યવહારરત્નત્રયના ભાવ આવે છે. આ તો વીતરાગનો માર્ગ છે ભાઈ! વીતરાગદેવે સ્વ શુદ્ધાત્માના ધ્યાનને મોક્ષનું કારણ કહ્યું છે. સાક્ષાત ભગવાનનું ધ્યાન પણ મોક્ષનું કારણ કહ્યું નથી.

શાસ્ત્ર-સ્વાધ્યાય, શાસ્ત્રનો ઉપદેશ એ બધા વિકલ્પ છે, બંધનું કારણ છે. તેમાં અને સંવર, નિર્જરામાં તડકા–છાંયા જેટલો ફેર છે. આત્માનો સ્વાધ્યાય કરવો એ ખરી સ્વાધ્યાય છે. વીતરાગ સ્વરૂપનો આશ્રય લઈ નિર્વિકલ્પ શાંતિમાં લીન થવું તેને જૈન–શાસન સ્વાધ્યાય કહે છે. શાસ્ત્રની સ્વાધ્યાયથી નિર્જરા થતી નથી પણ આત્માની સ્વાધ્યાયથી નિર્જરા થાય છે. તે જ પરમાર્થ સ્વાધ્યાય છે.

ભગવાનની ભક્તિ કરવી કે સમવસરણની જાત્રા કરવી તે પણ ઇષ્ટ નથી. કુંદકુંદ-આચાર્યદેવ સમવસરણની યાત્રા કરવા ગયા હતાં ને! પણ ઇષ્ટ તો એક સ્વાશ્રય છે.

વ્યવહારનયથી કથન આવે કે ગુરુથી જ્ઞાન થાય છે, શાસ્ત્રથી જ્ઞાન થાય છે એવા કોઇપણ કથન આવે તેને વ્યવહારનયથી સત્ય જાણવા. પણ પરમાર્થે એમ જ છે—એમ ન માનવું. કર્મનો ક્ષયોપશમ થાય તો આત્માની ઓળખાણ થાય એમ ગોમ્મટસાર આદિ શાસ્ત્રમાં આવે ત્યાં એમ જાણવું કે પોતે આત્માને ઓળખવાનો પુરુષાર્થ કરે ત્યારે નિમિત્તરૂપે કર્મનો ક્ષયોપશમ હોય. આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા બધાંથી નિરપેક્ષ છે. તેને વ્યવહારરત્નત્રયની પણ અપેક્ષા નથી.

કર્મ બળિયો હોય ત્યારે આત્માનું જ્ઞાન થઈ શકતું નથી એમ આવે ત્યાં એમ સમજવું કે પોતાનો પુરુષાર્થ ઉલટો છે માટે પોતે કર્મ ઉપર જોર આપે છે. પુરુષાર્થ સવળો કરે તો કર્મનું બળ ચાલતું નથી. આવા પરાશ્રયના કથનો આવે તેને જાણવા પણ આદરવા નહિ. સ્વાશ્રયના કથન આવે તે યથાર્થ છે, તેને આદરવાલાયક જાણવા.

ગુરુનાં ચરણ-કમળની સેવાથી સમ્યગ્જ્ઞાન થાય એમ શાસ્ત્રમાં આવે ત્યાં એમ

સમજવું કે સમ્યગ્જ્ઞાન થયું ત્યારે ગુરુની સેવાનું નિમિત્ત હતું. ગુરુની સેવા કે સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિથી સમ્યગ્જ્ઞાન થાય એમ કહી સમજવું નહિ. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના આશ્રયે જ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરે છે તેમાં તેને નિમિત્તની તો અપેક્ષા નથી પણ નિમિત્તના લક્ષે ઉઠેલાં વિકલ્પોની પણ અપેક્ષા નથી, આવું નિશ્ચયનું સ્વરૂપ છે તેને નિશ્ચયથી જાણવું.

નિજ આત્માના લક્ષે નિર્વિકલ્પ અનુભવ કરવો તે જ હિતરૂપ છે. તેના સિવાય વિકલ્પથી માંડીને બધું અહિતરૂપ છે એમ યથાર્થ ભાન કરવું જોઈએ. ઉપદેશ આદિનો વિકલ્પ પણ અહિતકર છે. 'તારે તે તરે' એ વાત તો જૂઠી જ છે પણ 'તરે તે તારે' એ પણ નિમિત્તનું કથન છે. 'પોતાને ઓળખે તે પોતે તરે' એ નિશ્ચય છે.

મોક્ષમાર્ગનું સ્વરૂપ જેવું છે તેવું ન સમજે ત્યાં સુધી અંતરમાં મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે ને માર્ગ પામવામાં વિઘ્નરૂપ થઈ પડે છે.

ભવ્ય કોને કહેવાય? કે જેનામાં અનંત જ્ઞાનાદિ પ્રગટ કરવાની યોગ્યતા છે તે ભવ્ય છે. આ ઈષ્ટોપદેશની સ્વાધ્યાય, મનન કરીને જે ભવ્ય હિત-અહિતની પરીક્ષા કરવામાં નિપુણ થયો છે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેણે ઈષ્ટોપદેશમાં જે કહેવાનો આશય છે કે 'હે જીવ! તું અંતર આત્માનાં ધ્યાન વડે આત્મામાં એકાગ્રતા કર' તે આશયને ભવ્ય જીવે બરાબર ગ્રહણ કર્યો છે તે હવે, માન-અપમાનના વિષયોમાં રાગ-દ્વેષનો પ્રસાર ન કરતા સમતાનો પ્રસાર કરે છે.

મુનિરાજ માન-અપમાનમાં રાગ-દ્વેષનો પ્રસાર ન કરતાં વીતરાગી સમતાના પ્રસાર-પૂર્વક નગર-ગ્રામાદિક અથવા નિર્જન વનમાં શાંતિથી રહે છે. ચાહે નગરમાં રહે કે ચાહે વનમાં રહે પણ પોતાની વીતરાગી શાંતિમાં રહેવાની વિધિ છોડતા નથી અને કોઈ પણ સંયોગોમાં આ ઠીક છે અને આ અઠીક છે એવો મિથ્યા આગ્રહ કરતા નથી.

મુનિરાજ વનમાં રહે છે પણ કોઈ ક્ષેત્રનો તેને આગ્રહ હોતો નથી. જ્યાં પોતાના ભાવમાં સ્વાશ્રયની વૃદ્ધિ થાય ત્યાં બહારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નગરના હો કે વનના હો, કોઈપણ હો તેનો તેને આગ્રહ નથી. તેને તો પોતાની વીતરાગતાની વૃદ્ધિ થાય એ જ પ્રયોજન છે. તેથી તેને યોગ્ય જ વિધિ કરે છે.

પોતાની વીતરાગતાનું જેને પ્રયોજન છે તેણે બહારની-શરીરાદિની અનુકૂળતા-પ્રતિકૂળતાનો આગ્રહ છોડી દેવો. પર્યુષણમાં બે-પાંચ હજાર માણસો સાંભળવા આવતાં હોય અને પોતાનો કંઠ રૂંધાઈ ગયો હોય તો તો અઠીક લાગે કે નહિ? તો કહે છે ભાઈ! ઉપદેશ આપવાના ભાવને જ ભગવાન બંધનું કારણ કહે છે. માટે પુણ્ય-પાપના

વિકલ્પ કે ઉપદેશના વિકલ્પ રહિત વીતરાગ સ્વરૂપ ભગવાન આત્માના ધ્યાનમાં સમતાનો વિસ્તાર કરવો. બહારના સંયોગોનો હઠાગ્રહ છોડવો.

બહારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનુકૂળતા આત્મધ્યાનમાં મદદ કરતી નથી અને તેની પ્રતિકૂળતા આત્મધ્યાનને રોકતી નથી. ભગવાન ચિદાનંદ મૂર્તિ, નિર્દોષ, નિર્લેપ રાગરહિત ચૈતન્યગોળો બિરાજમાન છે તેના આશ્રયે તેમાં એકાગ્રતા કરવી તે પોતાને હિતકર છે બાકી બધાં ભાવ અહિતકર છે. બહારના કોઈ પદાર્થ હિતરૂપ કે અહિતરૂપ નથી. સર્વ પરપદાર્થ જ્ઞેય છે. માટે તેમાં ઠીક-અઠીકપણાનો દુરાગ્રહ છોડી દે.

૯૦ ની સાલમાં એક માણસે પ્રશ્ન કર્યો હતો કે મહારાજ! તમે આ બધો ધર્મનો ઉપદેશ તો આપો છો પણ પેટમાં અનાજ પડયાં વિના ધર્મ શી રીતે થાય? તેને કીધું, અરે! પેટમાં અનાજ પડે પછી કહેશો પચી જાય પછી ધર્મ થાય, પછી જંગલ જવાય પછી ધર્મ થાય પણ ત્યાં તો પાછું પેટ ખાલી થઈ જશે તો ધર્મ કરવાનો વખત તો આવશે જ નહિ! ભાઈ! આત્માના ધર્મને પેટમાં અનાજ હોય કે ન હોય તેની સાથે કાંઈ સંબંધ જ નથી. ધર્મને કોઈની અપેક્ષા નથી. દેવ-ગુરુ-ધર્મનું શ્રવણ થતું હોય અને કેવા ઊંચા શુભભાવ હોય તેની પણ આત્માની એકાગ્રતામાં અપેક્ષા નથી.

સર્વ અપેક્ષાથી રહિત વર્તતા વીતરાગ થયા થકા મુનિરાજ અનુપમ તથા અનંત જ્ઞાનાદિ ગુણો અને સંપત્તિરૂપ મુક્તિ-લક્ષ્મીને પ્રાપ્ત કરી લે છે. આવી જ વાત સમાધિ-તંત્રમાં પણ કહી છે કે જે સમયે તપસ્વી મુનિને મોહના ઉદયથી–મોહભાવને કારણે રાગદ્વેષ પેદા થવા લાગે કે તરત જ એ મુનિરાજ પોતામાં સ્થિત આત્માની સમતાથી ભાવના કરે અથવા સ્વસ્થ આત્માની ભાવના ભાવે તો ક્ષણમાત્રમાં રાગ-દ્વેષ શાંત થઈ જાય છે. આનંદ અને જ્ઞાનની મૂર્તિ નિજ આત્મામાં દૃષ્ટિ લગાવતાંની સાથે જ વિકલ્પો શાંત થઈ જાય છે. સ્વ + સ્થા એટલે પોતામાં રહેલાં અનંત ચતુષ્ટયની ભાવના અર્થાત્ એકાગ્રતા કરતાં ક્ષણભરમાં રાગ-દ્વેષ ચાલ્યા જાય છે.

'उपमा रहित स्वमोक्षश्री, निजकर सहजहि लेय' અંતિમ પંક્તિમાં કહે છે કે જે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં એકાગ્રતારૂપ ધ્યાન કરે છે તેણે પોતાના હાથમાં મોક્ષ લઈ લીધો છે એટલે તેણે અભેદદશા પ્રગટ કરી લીધી છે.

હવે આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર પંડિત આશાધરજી કહે છે કે વિનયચંદ્ર નામના મુનિના વાકયોનો સહારો લઈને, ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે મેં આ ઇષ્ટોપદેશ ગ્રંથની ટીકા કરી છે.

સાગરચંદ્ર નામના કોઈ દિગંબર મુનિ હતાં તેના શિષ્ય વિનયચંદ્ર નામના મુનિ

[ અનુસંધાન માટે જુઓ પાનું–૧૪ ]

# અજીવલક્ષણ રાગની ચૈતન્યલક્ષણ જીવથી અત્યંત ભિન્નતા

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( ક્રમાંક પ્રવચન નં. ૨૦ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૩૦ મી ગાથા ચાલે છે તેમાં મુનિરાજ કહે છે કે જીવ અને અજીવમાં લક્ષણભેદે ભેદ છે માટે હે શિષ્ય! તું તેને એક ન માન!

હે પ્રભાકરભટ્ટ! તું જીવ અને અજીવને એક ન કર. શિષ્યને ઉદ્દેશીને મુનિરાજ સર્વ જીવને કહે છે. આ વાત તો ઘણીવાર આવી ગઈ છે પણ અહીં બીજી રીતે કહે છે. અહીં અજીવના બે પ્રકાર લઈને વિશેષ પ્રકારે વાત કરી છે.

ભગવાન આત્મા પોતાના ચૈતન્યલક્ષણથી અનુભવમાં આવે તેવી ચીજ છે. તેમાં જે રાગ છે તે પરલક્ષી વિભાવભાવ છે તે પર છે. રાગ જીવની પર્યાયમાં જ થાય છે–જીવ તેમાં વ્યાપેલો છે માટે જીવની સાથે સંબંધવાળો ભાવ છે પણ તેનું લક્ષ પર તરફ હોવાથી રાગ વડે આત્માનો અનુભવ થઈ શકતો નથી.

ભગવાન સર્વજ્ઞપરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકીનાથે એક સમયમાં આત્માને શુદ્ધ ચિદાનંદસ્વરૂપ જોયો છે. પોતાનો આત્મા તો શુદ્ધ જોયો છે પણ દરેકના આત્માને ભગવાને એવો જ શુદ્ધ ચિદાનંદ જોયો છે. આવો આ આત્મા પોતાના અસંખ્યપ્રદેશમાં વ્યાપવાળી નિર્વિકલ્પ સમાધિ દ્વારા જ પ્રાપ્ત થાય છે. રાગ પણ જીવના પ્રદેશોમાં વ્યાપે છે પણ તે અજીવલક્ષણ રાગ, જીવથી ભિન્ન છે. જીવના સંબંધમાં રહેવાવાળી હોવા છતાં રાગની પર્યાયને અજીવનું લક્ષણ કહ્યું છે.

જૈનમતમાં આગમ શું કહે છે? કે જે અસંખ્યાતપ્રદેશમાં જીવ રહેલો છે ત્યાં જ શરીર અને કર્મ રહેલાં છે પણ જીવને તેની સાથે અભેદસંબંધ નથી. જીવથી તે ભિન્ન છે. જીવને તો પોતાની નિર્મળ પર્યાય સાથે અભેદસંબંધ છે. રાગ પણ જીવના પ્રદેશોમાં થાય છે પણ તેની સાથે અભેદસંબંધ નથી. કોઈ અન્યમત એમ કહે કે આત્મા લોક જેવડો છે તો તેના નિષેધ માટે અહીં જૈનમતનો આગમાર્થ બતાવ્યો છે.

કર્મ અને શરીર જીવથી ભિન્ન હોવા છતાં તેની સાથે જીવને એકક્ષેત્રાવગાહ સંબંધ છે તેથી તેની સાથે અસદ્ભૂત અનુપચાર સંબંધ કહ્યો છે અને સ્ત્રી, પુત્રાદિની સાથે જીવને એકક્ષેત્રાવગાહ સંબંધ નથી તેની સાથે ઉપચરિત અસદ્ભૂત સંબંધ કહ્યો છે.

અહીં તો કહે છે કે, પરના સંબંધથી ઉત્પન્ન થયેલા રાગાદિ ભાવને પણ તું સ્વભાવ સાથે એક ન કર! રાગ સાથે જીવને ભેદસંબંધ છે, અભેદસંબંધ નથી.

કોઈ મત જીવને સર્વવ્યાપક કહેતો હોય ત્યારે અન્ય સર્વ દ્રવ્યોથી ભિન્ન પાડવા માટે જીવની સાથે એકક્ષેત્રાવગાહે રહેલા શરીરને વ્યવહારનયથી જીવનું કહેવાય છે. પોતાથી અન્ય સર્વ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ આદિ તો જીવથી તદ્દન ભિન્ન વસ્તુ છે. તેની અપેક્ષાએ શરીરને જીવનું કહેવાય છે પણ તે અસદ્ભૂત-જૂઠી નયનું કથન છે.

રાગનું ક્ષેત્ર પણ આત્મા પ્રમાણે જ છે તેથી અશુદ્ધનયથી રાગને જીવનો કહેવાય છે પણ ખરેખર જીવવસ્તુ સાથે રાગનો અભેદસંબંધ નથી માટે અહીં તેને અજીવલક્ષણ કહ્યો છે.

આ તો પરમાત્મપ્રકાશનું વર્ણન છે. જીવનું સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે. જીવના જ્ઞાન, આનંદ આદિ ગુણો આખા દ્રવ્યપ્રમાણે વ્યાપક છે અને દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે. તેમ રાગ પણ જીવમાં વ્યાપક છે પણ તેની સાથે જીવને તાદાત્મ્ય સંબંધ નથી. રાગ સાથે જીવને ક્ષણિક સંબંધ છે.

અન્યમત વસ્તુનું જેવુ સ્વરૂપ વર્ણવે છે તેનાથી સર્વજ્ઞ પરમાત્માએ જોયેલું વસ્તુ સ્વરૂપ ભિન્ન પડી જાય છે. ભગવાન સર્વદેવે શુદ્ધ આત્માથી અજીવનું લક્ષણ ભિન્ન કહ્યું છે અને તે બે પ્રકારે કહ્યું છે. એક તો જીવ સાથે સંબંધવાળું અને એક જીવ સાથે સંબંધ વગરનું અજીવનું લક્ષણ કહ્યું છે. દેહ, કર્મ અને રાગાદિ જીવ સાથે સંબંધવાળા અજીવ છે અને પુદ્ગલાદિ પાંચ દ્રવ્ય તે જીવ સાથે સંબંધ વગરના અજીવ છે.

ભગવાન આત્મા પોતાના સ્વરૂપથી અભેદ છે અને જે ધ્યાનની પર્યાય વડે તેનો અનુભવ થાય છે તે પર્યાય પણ ભગવાન આત્મા સાથે અભેદ છે. ભલે, પર્યાય તો ક્ષણ પૂરતી છે પણ તે ક્ષણે તે સ્વરૂપ સાથે અભેદ છે અને જે રાગાદિભાવ થાય છે તે જીવના જ અસંખ્યપ્રદેશમાં વ્યાપે છે પણ તેનો જીવના સ્વરૂપ સાથે અભેદસંબંધ નથી માટે તેને જીવ સંબંધી અજીવલક્ષણ કહ્યાં છે.

આ વાત ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય બીજે કયાંય ન હોઈ શકે. સંપ્રદાયમાં પણ આ વાતની ખબર નથી તો અન્યની તો શું વાત કરવી? શરીર, કર્મ, રાગ અને જીવસ્વરૂપને એક જ પ્રદેશમાં ભગવાને જોયા છે પણ તેને અભેદરૂપે જોયા નથી.

સર્વજ્ઞ વીતરાગ ભગવાને આવો તારો આત્મા જોયો છે અને એવો જ તારો આત્મા છે. રાગાદિ આત્મામાં વ્યાપક હોવા છતાં રાગ તે આસ્રવતત્ત્વ છે, જીવતત્ત્વ નથી. જુઓ! રાગાદિની અસ્તિ સિદ્ધ કરી છે પણ તે જીવ નથી એમ કહ્યું છે. એકલો આત્મા-બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે એમ કહ્યું નથી.

જ્યાં જીવ છે ત્યાં જ રાગ છે છતાં રાગ અજીવલક્ષણ છે એમ એની દૃષ્ટિમાં આવવું જોઈએ અને રાગથી હટી પોતાની નિર્વિકલ્પ પરિણતિ દ્વારા જીવનો અનુભવ કરવો તે જીવનું લક્ષણ છે. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે તે ચૈતન્યનું લક્ષણ નથી. તે તો આસ્રવનું અથવા અજીવનું લક્ષણ છે.

ભગવાન આત્મામાં રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, શબ્દ પણ નથી. વર્તમાનમાં અને ત્રણેકાળમાં ભગવાન આત્મા આ સ્પર્શ, રસાદિ જડની પર્યાયથી તદ્દન ભિન્ન છે. છતાં જે જીવને અને સ્પર્શાદિ પર્યાયને એક માને છે, શબ્દ હું બોલું છું એમ માને છે તેને પોતાના ચૈતન્યસ્વરૂપની ખબર જ નથી. તે જડ અને ચૈતન્યને એક માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

શ્રી કુંદકુંદ આચાર્યે તેમના દરેક શાસ્ત્રોમાં આ વાત લીધી છે કે જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા પાંચ પ્રકારના રસ, આઠ સ્પર્શ, બે પ્રકારની ગંધ, વર્ણ આદિથી ભિન્ન છે. સ્પર્શ, રસાદિ બધાનું આત્માને જ્ઞાન થાય છે પણ જ્ઞાન થવા માટે તેને સ્પર્શ રસાદિની અપેક્ષા નથી. ખાટો, મીઠો, કડવો જેવો રસ હોય તેવું જ જીવને જ્ઞાન થાય છે પણ તે જ્ઞાનની પર્યાય તે રસથી થાય છે એમ નથી કેમ કે રસથી જ્ઞાન ભિન્ન છે. જ્ઞાનની પર્યાય તો ચૈતન્યલક્ષણ છે તે આત્માથી ઉત્પન્ન થાય છે, જડથી તે ઉત્પન્ન ન થાય.

વર્તમાનમાં જ આત્મા સ્પર્શ-રસાદિથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છે એવી દૃષ્ટિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી.

સફેદ, લાલ, પીળો આદિ રંગથી આત્મા ભિન્ન છે. સફેદ આદિ રંગનું જ્ઞાન જીવને થાય છે તે રંગથી થતું નથી પણ જીવને પોતાથી તેનું જ્ઞાન થાય છે કેમ કે તે રંગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે.

સુગંધ-દુર્ગંધરૂપ બે ગંધ પણ જીવથી ભિન્ન છે. ગંધ છે તો જીવને જ્ઞાન થાય છે એમ નથી, માટે જીવ ગંધરહિત છે. તેમ શબ્દથી પણ આત્મા રહિત છે. તેથી શબ્દ–વાણી જીવથી થતી નથી અને શબ્દથી જ્ઞાન થતું નથી. જેમાં જ્ઞાન ભર્યું છે એવા જ્ઞાનસ્વભાવના આશ્રયથી જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. શબ્દથી જ્ઞાન થતું નથી.

શ્રોતા :—બોલવાનો વિકલ્પ આવે ત્યારે વાણી નીકળે છે ને ?

પૂજ્ય ગુરુદેવ :—નહિ. વાણી વાણીને કારણે નીકળે છે. વિકલ્પને કારણે વાણી નીકળતી નથી. આપણે જોઈએ છે ને કેટલાક રાત્રે ઊંઘમાં કેટલા બડબડ કરતાં હોય છે! એક જણને તો દિવસે પ્રશ્ન કરો તો જવાબ આવડે નહિ અને રાત્રે ઊંઘમાં બધું બોલે. જુઓ! ભાષાની પર્યાય સ્વતંત્રપણે થાય છે ને! આત્મા છે તો ભાષાની પર્યાય થાય છે એમ નથી અને ભાષાની પર્યાય છે તો તેનું જીવને જ્ઞાન થાય છે એમ પણ નથી. જેમાં

જ્ઞાન છે તેનાથી જ્ઞાન થાય છે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. પરના કારણે જ્ઞાન થતું જ નથી.

પુરુષલિંગ, સ્ત્રીલિંગ આદિ લિંગથી આત્મા રહિત છે. સમચતુરસ્રસંસ્થાન આદિ છ પ્રકારના આકારોથી પણ આત્મા રહિત છે. સ્પર્શ, રસાદિ સર્વથી રહિત શુદ્ધચિદ્રૂપ નિજવસ્તુને હે જીવ! તું ઓળખ. નિજ વસ્તુને ઓળખ એટલે તારી ચીજને તું તારાં જ્ઞાન લક્ષણ વડે જાણી લે. વર્તમાનમાં જે જ્ઞાનનો અંશ પ્રગટ છે તે જ્ઞાનનો પ્રવાહ ક્યાંથી આવ્યો? એ પ્રવાહ જ્યાંથી આવ્યો છે તે તારું દ્રવ્ય છે અને તેનું આ જ્ઞાનલક્ષણ છે. આ જ્ઞાનલક્ષણ વડે જ આત્મદ્રવ્ય જણાય છે. જ્ઞાન સિવાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના શુભભાવથી આત્મા જાણી શકાતો નથી, તેનાથી આત્મા અનુભવમાં આવતો નથી અને આત્માની શાંતિ પ્રગટ થતી નથી.

અજીવના બે પ્રકારોમાં અહીં શરીર, કર્મ અને શુભાશુભ રાગના વિકલ્પને જીવ સંબંધી અજીવના લક્ષણ કહ્યાં છે. તે જીવની સાથે એકક્ષેત્રાવગાહ સંબંધમાં રહેલા છે પણ જીવસ્વભાવથી તે ભિન્ન છે એમ જાણવું પડશે.

કોઈ એમ કહે કે વિકલ્પ તોડી નાંખો.... વિકલ્પ તોડી નાંખો તો આત્મા પકડાશે. પણ વિકલ્પ શું છે, ક્યાં રહે છે, વિકલ્પની પાછળ વસ્તુ કેવડી પડી છે, તેને અને વિકલ્પને શું સંબંધ છે એ જાણ્યા વિના વિકલ્પ તૂટશે ક્યાંથી?

'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' કહ્યું છે ને! તેમાં પ્રથમ જીવતત્ત્વની પ્રતીત કરવી કે શુદ્ધ જ્ઞાનમૂર્તિ તે જીવ છે અને પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ છે, તે જીવના જ પ્રદેશોમાં થતાં હોવા છતાં અજીવલક્ષણ છે કેમ કે તેમાં ચૈતન્યનો પ્રકાશ નથી. આવા ચૈતન્યના તેજરહિત પુણ્ય-પાપરૂપ આસ્રવતત્ત્વ મારાં જીવતત્ત્વમાં નથી પણ જીવસંબંધી અજીવ તરીકે તેનું અસ્તિત્વ છે એમ નક્કી કરવું પડશે. અને રાગ, શરીર, કર્મ સિવાયના પુદ્ગલાદિ પાંચ દ્રવ્યો છે તે જીવના સંબંધ વિનાના અજીવ દ્રવ્યો છે તેમ તેની પ્રતીતિ કરવી જોઈએ. સાત તત્ત્વની શ્રદ્ધામાં તો બધું આવી જાય છે. વસ્તુની પ્રાપ્તિ તો સરળ છે પણ જીવે કઠણ માની લીધી છે. સાંભળવામાં આવે નહિ, સમજવામાં આવે નહિ એટલે કઠણ લાગે.

સાતેય તત્ત્વની યથાર્થ શ્રદ્ધા તો પ્રથમ કરવી જ પડશે. સાત તત્ત્વ સિદ્ધ થયા વિના જ્ઞાયકપણું શી રીતે પ્રસિદ્ધ થશે! જ્ઞાયક છે તો સામે જ્ઞેય પણ હોવા જોઈએ ને! જેનાથી ભિન્ન પડીને જ્ઞાયકને ગ્રહણ કરવો છે તે ભિન્ન તત્ત્વોને પણ ઓળખવા પડશે ને!

પરમાત્મપ્રકાશની કાંઈ ટીકા છે! એક એક ગાથામાં આચાર્યદેવ વસ્તુનું સામર્થ્ય,

અન્ય વસ્તુ તેની સાથે જીવને કેટલો સંબંધ છે એ બધું બતાવતાં બતાવતાં પરમાત્માનો પ્રકાશ કરતાં આગળ વધતાં જાય છે.

દ્રવ્યકર્મ જે આઠ જડ કર્મો, નોકર્મ-શરીર, વાણી અને ભાવકર્મ જે શુભ-અશુભભાવ તે ત્રણેય જીવસંબંધી અજીવપદાર્થો છે તો એ અજીવલક્ષણ વડે જીવની ઓળખાણ ક્યાંથી થાય? તેનો તો જીવસ્વભાવમાં અભાવ છે. અહીં તો વ્યવહારરત્નત્રયને પણ જીવસંબંધી અજીવલક્ષણ કહી દીધાં છે તેના વડે આત્મા ન ઓળખાય.

ભાઈ! આ તો આત્માના ઘરની વાત છે. આત્મા સ્વ-પર પ્રકાશક ચૈતન્યલક્ષણથી લક્ષિત થાય તેવો છે. જગતમાં એકલું 'સ્વ' જ નથી પર પણ છે પણ તેનો સ્વમાં અભાવ છે. પોતે ચૈતન્ય અને પર–છ દ્રવ્યો તે બધાંને જાણવાનું એક સમયની જ્ઞાનની પર્યાયમાં સામર્થ્ય છે. તે સામર્થ્ય છ દ્રવ્યના કારણે નથી પણ પોતાના સ્વભાવમાં એવું સામર્થ્ય ભર્યું છે માટે જ્ઞાનમાં છ દ્રવ્ય જણાય છે તેથી જો કોઈ છદ્રવ્યનું અસ્તિત્વ ન સ્વીકારે તો તેણે પોતાના સામર્થ્યને જ સ્વીકાર્યું નથી. તેથી તેને પોતાના સ્વભાવની પ્રતીતિ ન થઈ શકે.

દિગંબર સંતોની પદ્ધતિ કોઈ ગજબ છે! સાધારણ વાતને પણ કેવી રીતે સમજાવે છે! અજીવના બે ભેદ પાડી દીધાં. એક જીવસંબંધી અજીવ અને એક જીવના સંબંધ વગરના અજીવદ્રવ્ય.

ભગવાન આત્મા નારાયણ પરમાત્મા છે. નરમાંથી નારાયણ થનારો આત્મા પોતે છે. વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં ચેતનાલક્ષણ વડે આખા આત્માને ગ્રહણ કરી લે છે–લક્ષમાં લઈ લે છે. આ ચૈતન્યલક્ષણથી ઉત્પન્ન થયેલો ભાવ તે મોક્ષમાર્ગ છે. તેની સાથે પુણ્ય-પાપભાવ થાય છે તે જીવ સાથે નિકટ સંબંધે રહેલા છતાં અજીવ છે. તેની સાથે જીવને નિકટનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે પણ તે જીવનો સ્વભાવભાવ નથી. કેમ કે તે અજીવલક્ષણવાળા ભાવ છે. તેમાં જીવના ચૈતન્યલક્ષણનો અભાવ છે.

આહાહા....સર્વજ્ઞની ફરમાવેલી અને સંતોની કહેલી આ વાતની ગંભીરતાની શું વાત કરવી!

આ ૩૦મી ગાથામાં સાર એ છે કે જીવ અને અજીવમાં લક્ષણભેદે ભેદ છે તેને હે જીવ! તું એક ન માન. તારા ચૈતન્યલક્ષણથી જ લક્ષની પ્રાપ્તિ થશે. રાગ જીવની સાથે નિકટ સંબંધે દેખાય છે પણ તે અજીવનું લક્ષણ છે, તેમાં ચેતનાપ્રકાશ નથી માટે તે પ્રત્યક્ષ જડ છે, તેથી રાગ વડે ચૈતન્યલક્ષની પ્રાપ્તિ નહિ થાય.

મકાન, હીરા, માણેક આદિ તો જીવથી તદ્દન ભિન્ન રહેવાવાળા–અજીવલક્ષણવાળા અજીવ છે. તેને તું તારા ન માન. જેમ વસ્તુસ્થિતિ છે તેમ તું જાણ.

કોઈ એમ કહે કે પૈસાથી મને ધર્મ થશે, મંદિર બંધાવવાથી ધર્મ થશે એ જેમ જૂઠું છે તેમ શુભરાગથી મને ધર્મ થશે એ પણ જૂઠું જ છે. સ્વભાવનું સાધન સ્વભાવથી કદી જુદું ન હોય અને આ રાગ તો અજીવલક્ષણવાળુ ભિન્ન તત્ત્વ છે તેનાથી સ્વભાવની પ્રાપ્તિ કેવી રીતે થાય? લોકો રાડ પાડી જાય તેવી વાત છે. પંચમહાવ્રતના પરિણામ વિકલ્પ છે, અચેતન છે-પુણ્યપરિણામ છે તે જીવસંબંધી અજીવ છે. અજીવલક્ષણથી જીવની પ્રાપ્તિ ત્રણકાળમાં કદી ન થાય. માટે સર્વ રાગથી રહિત શુદ્ધ ચૈતન્યલક્ષણવાળો શુદ્ધઆત્મા એક જ ઉપાદેય છે. (ક્રમશઃ)

[શાસ્ત્ર ભણતર...પેઈજ ૮થી ચાલુ]

થયાં કે જે જાણે ઠરી ગયેલાં-શીતળ બરફની શીલા જેવા ઉપશમમૂર્તિ હતાં તથા સજ્જન પુરુષરૂપી ચકોર માટે ચંદ્રમા સમાન હતાં, પવિત્ર ચારિત્રવાળા હતાં અને જેના અમૃતમય વચનોમાં શાસ્ત્રોનો સાર હતો અને જે વચનો જગતના જીવોને તૃપ્તિ અને પ્રસન્નતા ઉત્પન્ન કરવાવાળા હતાં.

આશાધરજીએ મુનિની કેવી મહિમા કરી છે. મુનિની શી વાત! જે ઉપશમરસના ઢાળામાં ઢળી ગયા હોય, શાંત....શાંત....શાંત થઈ ગયા હોય, જેને પુણ્ય-પાપના વિકલ્પનો કોલાહલ પણ છૂટી ગયો હોય, પવિત્ર ચારિત્રવાળા હોય, જેના એક એક વાકયમાં અનંત આગમ ભર્યાં હોય, જે જીવોને તૃપ્તિ અને શાંતિ પમાડનારા હોય એવા મુનિના વાક્યોના આધારે પંડિત આશાધરજીએ આ શાસ્ત્રની ટીકા લખી છે.

આજે આ શાસ્ત્રનું વ્યાખ્યાન પૂરું થાય છે. અંતમાં આશાધરજી ભાવના ભાવે છે કે જગતવંદ્ય શ્રીમાન્ નેમિનાથ જિનભગવાનના ચરણ-કમલ જયવંત રહે. પરમાત્માની પર્યાય જયવંત રહે. પરમાત્માના ચરણ-કમળના આશ્રયે રહેવાવાળી ધૂળ પણ રાજાઓના મસ્તક ઉપર પડે છે.

શ્રોતા:—આવો બધો વ્યવહાર હોય ખરો ને!

પૂજ્ય ગુરુદેવ:—બધો વ્યવહાર હોય તેને જાણવો પણ આદરણીય ન માનવો. "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ" અહીં એ બતાવવું છે કે ભગવાનની પવિત્રતા તો શું પણ પુણ્ય એવું હોય કે તેના ચરણ-કમળની ધૂળ ઇન્દ્રો અને નરેન્દ્રોના મસ્તકે ચડે છે અને અંતે ભગવાન એ શરીરને છોડી લોકના અગ્રભાગમાં સ્થિત થઈ જાય છે.

[ ગજબ વાત...ટાઈટલ ૨ થી ચાલુ ]

આહાહાહા....આવી દૃષ્ટિ થયા વિના પૂર્ણ સત્યનો સ્વીકાર હોઈ શકે નહિ. વસ્તુ તો ત્રિકાળી-અનાદિ અનંત સનાતન ચીજ છે અને પર્યાય તો ભલે તે મોક્ષની હો કે સંસારની હો પણ ક્ષણિક છે. એક પછી એક થાય છે અને વસ્તુ તો ત્રિકાળી એકરૂપ છે માટે તેની દૃષ્ટિએ બધી ક્ષણિક પર્યાય સમાન છે, વ્યવહારનયનો વિષય છે.

આમ જ ખરેખર, શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો—જેને નિમિત્તનું કે રાગનું રસિકપણું તો નથી પણ ક્ષણિક પર્યાયનું પણ રસિકપણું જેને નથી એવા પુરુષો કહે છે કે પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં સંસાર-અવસ્થા અને મોક્ષ-અવસ્થામાં ભેદ જોતાં નથી.

હવે ૫૦ મી ગાથા શરૂ થાય છે:-

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;<br>
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

અર્થ:— પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—આત્મા—ઉપાદેય છે.

આકરી વાત છે. અહીં તો ક્ષાયિકભાવ પણ વ્યવહારનયના વિષયમાં લઈ લીધો છે. પંચમપરમપારિણામિકભાવની અપેક્ષાએ ઉદયભાવ અને ક્ષાયિકભાવ બંને વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનયના વિષયમાં તે આવતાં નથી.

એક રીતે કહીએ તો એક બાજુ એકરૂપ ભગવાન આત્મા અને બીજું બધું પર. તેમાં પર્યાય અને વિકલ્પ આદિ બધું પરમાં જાય છે. એકરૂપ ભગવાન આત્માની દૃષ્ટિમાં સંસાર અને મોક્ષપર્યાયમાં પણ તફાવત નથી, તો પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગમાં તફાવત ક્યાંથી હોય!

ટીકા:— આ હેય અને ઉપાદેય અથવા ત્યાગ અને ગ્રહણ કરવા યોગ્ય સ્વરૂપનું કથન છે.

જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધ નિશ્ચયનયના બળે તેઓ હેય છે. વિભાવગુણપર્યાયો ચાર પ્રકારે છે. ઉદયભાવ–નારકાદિ, ક્ષયોપશમભાવ–મતિજ્ઞાન આદિ, ક્ષાયિકભાવ–કેવળજ્ઞાનાદિ અને સમકિત આદિ ઉપશમભાવો તે બધાં વિભાવગુણપર્યાયો છે. તેને ૪૯ મી ગાથામાં વ્યવહારનયની અપેક્ષાએ જાણવા માટે ઉપાદેય કહ્યાં હતાં કેમ કે તે આદરવા-લાયક નથી પણ જાણવા લાયક છે. પરંતુ શાશ્વત ટંકોત્કીર્ણ શુદ્ધ ધ્રુવ જ્ઞાયક એકરૂપ સ્વભાવની દૃષ્ટિએ તે ચારેયભાવો હેય છે.

અહીં તો હજુ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું નામસ્મરણ આદિ શુભ-રાગને પણ હેય માનવો કઠણ પડી જાય છે ત્યાં ક્ષયોપશમ આદિ ચારભાવને હેય માનવા તો કઠણ પડે જ પણ કહે છે એ ચારેયભાવો નિશ્ચયનયના બળે હેય છે કેમ કે એકલા જ્ઞાયકભાવના અવલંબનમાં તે ચારેય ભાવોનું અવલંબન આવતું નથી માટે તે હેય છે ચારેયભાવો આશ્રય કરવા લાયક નથી.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આ ત્રણ ભાવ તો નિર્મળ છે છતાં તેને હેય કહ્યાં તો ઉદયભાવ તો મલિન છે તે તો હેય જ હોય ને! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ જ્ઞાનીને પણ આવે છે પણ જ્ઞાની જાણે છે કે આ મલિનભાવો છે તે હેય છે, ઉપાદેય તો એક મારો દ્રવ્યસ્વભાવ જ છે.

નિર્મળ કેવળજ્ઞાન પર્યાય કે જેમાં અનંત ચતુષ્ટય પ્રગટ થાય એ પર્યાય પણ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ હેય છે. ત્રિકાળી સનાતન એકરૂપ રહેનાર ચૈતન્યસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો શુદ્ધ અને અશુદ્ધ બંને ભાવ હેય છે, છોડવાયોગ્ય છે. અહીં તો હજુ શુભરાગ છોડવાયોગ્ય છે એ વાત પણ આકરી લાગે છે ત્યાં આ બધાં ભાવોને હેય માનવા કેટલા કઠણ પડે!

આ ૫૦મી ગાથા બહુ ઊંચી છે. ૫૦ અટલે અર્ધ સૈકો. ભગવાન આત્મા એક જ સમયમાં પરિપૂર્ણ પ્રભુ પડયો છે. પરિપૂર્ણ આનંદ, પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ શ્રદ્ધા, પરિપૂર્ણ શાંતિ, પરિપૂર્ણ સ્વચ્છતા, ઉપશમરસ આદિથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ છે તેની દૃષ્ટિએ જોઈએ તો બંધ અને મોક્ષની બંને પર્યાય હેય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ હેય છે કારણ કે સાધકને તો એ પૂર્ણ પર્યાય છે નહિ અને તેનું લક્ષ કરવા જશે તો તેને રાગ થશે.

આકરો વિષય છે ભાઈ! જગતમાં આ વાતમાં તકરાર થાય છે કે નિમિત્તથી કાર્ય થાય છે, નિમિત્તથી કાર્ય થાય છે, નિમિત્તથી કાર્ય ન થાય એમ માને તે એકાંતદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો કહે છે કે નિમિત્તથી કાર્ય થાય છે એ વાત તો છે જ નહિ. નિમિત્તથી બંધ–મોક્ષ થતાં જ નથી. બંધ–મોક્ષ પોતાની યોગ્યતાથી થાય છે તોપણ સ્વભાવની દૃષ્ટિ કરવામાં–અંતર્મુખ થવામાં તે મદદગાર નથી માટે તેનો આશ્રય લેવા લાયક નથી અને તેથી એ ચારેય ભાવો હેય છે. ગજબ વાત છે!

જુઓ! આ કયાં સોનગઢની કહેલી વાત છે? આ તો કુંદકુંદ આચાર્યદેવે પોતાના માટે બનાવેલા શાસ્ત્રનું સૂત્ર છે. પંચમ આરામાં થઈ ગયેલા આ કુંદકુંદ આચાર્ય પંચમ આરાના શ્રોતાને કહે છે કે સ્વભાવની દૃષ્ટિએ પર્યાયમાત્ર પણ હેય છે. ગજબ વાત છે ભાઈ!

જ્ઞાનીને પણ ઉદયભાવ તો હોય છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ અને દુઃખ હોય છે પણ તે હેય છે–શુભરાગ પણ હેય છે.

અરે, પંચમ આરાના પ્રાણી કે જે અલ્પ પુણ્ય લઈને આવ્યા છે — મહાવિદેહમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે ત્યાં જન્મ ન મળ્યો અને અહીં આવ્યાં તેને પણ પરમાત્માની વાણી એમ કહે છે કે પ્રભુ! તું અંદરમાં એકરૂપ વસ્તુ છો તેના તરફ જ લક્ષ કરવા જેવું છે. જે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તે પર્યાયનું પણ લક્ષ કરવા જેવું નથી. તે પર્યાય પણ હેય છે. એકરૂપ અખંડાનંદ પ્રભુ સનાતન જ્ઞાનવજ્ર, જ્ઞાનનો હીરલો એવા ચૈતન્યપ્રભુની દૃષ્ટિમાં, તેની દૃષ્ટિની પર્યાય પણ હેય છે.

પૂર્ણાનંદનો નાથ એકસ્વરૂપે બિરાજમાન છે પ્રભુ! તેને અનેકપણાનો આરોપ ન દેવો. ત્રિકાળી સનાતન ચૈતન્યમાં અનાદિસાંત-સંસાર અને આદિઅનંત-મોક્ષનો અભાવ છે માટે ત્રિકાળી સનાતનની અપેક્ષાએ તે બંને પર્યાય હેય છે. સંસાર ભલે અનાદિસાંત કહેવાય અને મોક્ષ આદિઅનંત કહેવાય પણ તે બંને પર્યાય છે માટે ખરેખર તેની મુદત એક સમયની છે અને દ્રવ્ય તો ત્રિકાળી એકરૂપ શાશ્વત છે.

આવી વાત મુંબઈમાં ક્યાં સાંભળવા મળે! અરે, દેશમાં પણ ક્યાં આ વાત છે! ઉલટો વિરોધ કરે છે કે નિમિત્તથી કાર્ય ન થાય એમ માને છે તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. અરે બાપુ! પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ કાળે હોય ખરું? એક સમય પણ એવો ન હોય કે જ્યારે દ્રવ્ય પર્યાય વિનાનું હોય, તો એ પર્યાયનો કર્તા બીજો ક્યાંથી થાય.

અહીં તો કહે છે પર્યાયનો કર્તા પર નથી, પોતે જ કર્તા છે પણ પર્યાય એક સમયની છે અને દ્રવ્ય ત્રિકાળ છે, તેથી દ્રવ્યની અપેક્ષાએ દરેક પર્યાય હેય છે. બંધની પર્યાય છૂટીને મોક્ષની પર્યાય એક સમયમાં જ થાય છે પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તે હેય અને છોડવા લાયક છે.

નિશ્ચયનયના બળે પર્યાય હેય છે કારણ કે તે પરસ્વભાવ છે. કેવળજ્ઞાન પણ ત્રિકાળ-સ્વભાવ નથી માટે પરસ્વભાવ છે. દયા, દાનાદિના રાગ-પરિણામ તો પરસ્વભાવ છે જ પણ પૂર્ણ શુદ્ધ પર્યાય—કેવળજ્ઞાન પણ પરસ્વભાવ છે. જુઓ! આવી વાત છે! આચાર્ય ભગવાન કહે છે કે મેં તો મારા માટે આ શાસ્ત્ર બનાવ્યું છે, તું સાંભળ અને તે બેસે તો બેસાડજે. તારી શ્રદ્ધામાં ન બેસે તો અનાદર કરીશ નહિ. સત્ય તો બહુ મોંઘું છે એમ કરીને તેનો અનાદર કરીશ નહિ.

ભાઈ! તારો નાથ ભગવાન એવો છે કે તેની કિંમત આગળ એક સમયની પર્યાયની કિંમત નથી. ત્રિકાળી ધ્રુવની કિંમત આગળ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની પણ કિંમત નથી. આ વાતમાં વાંધો ઉઠે છે. શું ભગવાનની ભક્તિ કરવા જેવી નથી? ભાઈ! ભગવાનની ભક્તિ આવે....હોય છે પણ તે છોડવાયોગ્ય છે, શુભભાવ આશ્રય કરવા લાયક નથી કેમ કે તે દુઃખરૂપ છે, તેનો અભાવ થાય ત્યારે સ્વભાવનો આનંદ પ્રગટ થાય છે.

ભગવાન આત્મા તો અનાદિ-અનંત જ્ઞાનાનંદની મૂર્તિ છે. તેમાં એક સમય પણ

દુઃખ અને આકુળતા નથી. પર્યાયમાં વર્તમાનમાં દુઃખ છે તે સમયાંતરમાં સુખરૂપ દશા થાય–નિરાકુળતા થાય પણ એ પર્યાય છે. માટે હેય છે, કારણ કે પરસ્વભાવ છે, ગજબ વાત છે પ્રભુ!

લોકો એમ કહે—'સોનગઢવાળા તો વ્યવહાર ઉડાવે છે. વ્યવહારથી લાભ થાય એમ કહેતાં નથી. એકલી નિશ્ચયની વાત જ કરે છે.' ભલે કહે! જેને જેમ બેઠું હોય તેમ કહે. એવા અભિપ્રાયરૂપે આત્મા પોતે જ પરિણમ્યો છે તેને કોણ ફેરવે? અજાણ્યો માણસ પહેલીવાર આવી વાતો સાંભળે તો આકરી લાગે કે આવો જૈનધર્મ કયાંથી કાઢ્યો?

શ્રોતા— વાત આકરી લાગે પણ બધો ખુલાસો આવી જાય છે તેથી સમજાય તેવી વાત છે.

વસ્તુ ત્રિકાળી છે તેમાં ઉત્પાદ-વ્યય નથી. પર્યાયમાં બંધ છે તેનો સમયાંતરમાં વ્યય થઈને મોક્ષનો ઉત્પાદ થાય છે પણ તેની સ્થિતિ એક સમયની જ છે. બીજા સમયે મોક્ષની બીજી નવી પર્યાય થાય છે અને વસ્તુ તો જેમ ટાંકણાથી કોતરીને કાઢેલી હોય તેમ ટંકોત્કીર્ણ વસ્તુ છે તેને આદિ અને અંત નથી, ઉત્પાદ અને વ્યય નથી. આમ તો ત્રણેય સત છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે, 'उत्पादव्ययध्रुव-युक्तम् सत्' પણ તેમાં ઉત્પાદ-વ્યય એ એક સમયના સત્ છે અને ધ્રુવ પ્રભુ તો અનાદિ-અનંત સત્ છે માટે કહે છે પ્રભુ! તારાં ત્રિકાળી સત્‌માં મુક્તિ પણ નથી કેમ કે તે તો એક સમયની છે. માટે તું ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ કર! ત્રિકાળી સનાતન સત્ જે એકલો જ્ઞાયકભાવ કે જેમાં વધતાં–ઓછાપણું નથી, જેમાં હીણપ અને અધિકતા નથી, ત્રિકાળ એકરૂપતા છે એવા દ્રવ્યનો આશ્રય લે! આહાહાહા... ૫૦ મી ગાથાએ પણ ગજબ કર્યો છે.

રામજીભાઈઃ— આપે ગજબ કર્યો છે. આમાં કયાં બધું લખ્યું છે!

પ્રભુ! તું કોણ છો? તારે કયાં દૃષ્ટિ દેવાની છે? સનાતન વસ્તુમાં કે બદલતી પર્યાયમાં? પર્યાય તો ક્ષણમાં નાશ પામીને દ્રવ્યમાં જ જવાની છે. માટે પર્યાયદૃષ્ટિ છોડી દે અને દ્રવ્યદૃષ્ટિ કર. પર્યાયે જ પોતે પોતાને હેય કરીને દ્રવ્યદૃષ્ટિ કરવાની છે. પર્યાય વિનાનું દ્રવ્ય તો ત્રણકાળમાં કદી હોય નહિ. પર્યાય વગરનું દ્રવ્ય હોય તો તો ગધેડાના શીંગડા જેવું થાય. જેમ ગધેડાંને શીંગડા ન હોય તેમ પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય.

અહીં કહે છે પર્યાય ભલે હો પણ તે એક સમયની હોવાથી તેની કિંમત નથી. કયાં બંધપર્યાય અને કયાં મોક્ષપર્યાય! તેમાં મોટો ફેર છે પણ ત્રિકાળી દ્રવ્યના આશ્રયમાં તે પર્યાય પણ હેય છે. લોકોને લાગે કે આ સોનગઢવાળાએ ઘરનું કાઢયું છે. પણ ભાઈ! આ તો પોતાના ઘરની વાત છે. અનાદિ પરંપરામાં તો આ વાત છે, શાસ્ત્રમાં તો આ વાત છે પણ તારી વસ્તુમાં પણ આવો સ્વભાવ છે તે અમે તને કહીએ છીએ.

ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પણ હેય છે આવી

વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ પડે. લોકોને સાંભળતાં આકરી લાગે. પણ પ્રભુ એ પર્યાય પણ તારી ક્ષણિક છે. દ્રવ્યનો આશ્રય લેતાં એ પર્યાયનો પણ નાશ થઈ જશે, મિથ્યાત્વ ઊભું નહિ રહી શકે. ૫૦ મી ગાથા....પણ ગજબ છે કાંઈ!

ત્રણ બોલ લીધા છે. એક તો પર્યાયને હેય કહી; કેમ? કેમ કે તે પરસ્વભાવ છે, ત્રિકાળી સ્વભાવ નથી, સનાતન સત્ય વસ્તુ તે નથી માટે ત્રિકાળી સત્‌ની અપેક્ષાએ કેવળજ્ઞાનાદિભાવ હેય છે, પરસ્વભાવ છે અને તેથી જ પરદ્રવ્ય છે.

અરે, પ્રભુ! કેવળજ્ઞાન પરસ્વભાવ? હજુ તો વિકારને પરસ્વભાવ માનવામાં પણ વાંધો આવે છે ત્યાં અવિકારી પર્યાય પણ પરસ્વભાવ? હા. વિકારી અને અવિકારી બધી પર્યાય ક્ષણ પૂરતી હોવાથી પરસ્વભાવ છે માટે હેય છે. આ હેય એવી નિર્મળ પર્યાય જ દ્રવ્યનો આશ્રય કરે છે. આવી વાત છે ભાઈ!

ઉપર શ્લોક આવી ગયો ને કે શુદ્ધ તત્ત્વનાં રસિકપુરુષો આમ જ કહે છે કે સંસાર અને મોક્ષમાં કાંઈ તફાવત નથી. સંસારની બંધ-અવસ્થા પણ એક સમયની છે અને મોક્ષ-અવસ્થા પણ એક સમયની છે અને બંધાવસ્થામાંથી મોક્ષાવસ્થામાં રૂપાંતર પણ એક સમયમાં જ થાય છે. બીજા સમયે મોક્ષની નવી પર્યાય થાય છે.

બે કારણ કહ્યાં છે. એક તો, સ્વદ્રવ્યના આશ્રયની અપેક્ષાએ ચારેયભાવો હેય છે. હેય છે તેનું કારણ શું? કે તે પરસ્વભાવ છે માટે હેય છે અને બીજી વાત એ કે તે પરસ્વભાવ હોવાથી જ તે પરદ્રવ્ય છે. ગજબ વાત છે. પ્રભુ! તારું સ્વરૂપ એ છે કે અનાદિ-અનંત-નિત્ય ધ્રુવસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આ ચારેયભાવ હેય છે કારણ કે તે પરસ્વભાવ છે અને પરસ્વભાવ હોવાથી તે પરદ્રવ્ય છે. દ્રવ્ય તો સનાતન સત્‌ છે અને પર્યાય તો નવો ઉત્પન્ન થયેલો ભાવ છે.

કુંદકુંદ આચાર્ય પોતે કહે છે કે મારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે તેથી હું એમ કહું છું કે બંધ અને મોક્ષની પર્યાય તે હેય છે અને તેનું કારણ એ છે કે તે પરસ્વભાવ છે અને માટે જ તે પરદ્રવ્ય છે. જુઓ! અહીં પોતાની પર્યાયને જ પરદ્રવ્ય કહી છે અન્ય પરદ્રવ્યની વાત નથી. પોતાની પર્યાયમાંથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી માટે તે પરદ્રવ્ય છે.

આ તો ભાગ્યવાનના કાને પડે તેવી વાત છે. રાગ તો દુઃખદાયક છે–સંસાર છે માટે હેય છે પણ મોક્ષપર્યાય પણ ત્રિકાળીદ્રવ્યની અપેક્ષાએ હેય છે. પર્યાયમાં અનંત ચતુષ્ટય પ્રગટ થયાં એ પણ કહે છે કે પરદ્રવ્ય છે કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ પરદ્રવ્યમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી તેમ નિર્મળ પર્યાયમાંથી પણ નવી આનંદની પર્યાય આવતી નથી. આનંદની પર્યાય ત્રિલોકનાથ ભગવાનમાંથી આવે છે, પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી માટે તે પણ પરદ્રવ્ય છે—એમ કહ્યું છે.

[ ક્રમશઃ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં નયોનું વર્ણન ચાલે છે; વીતરાગ સર્વજ્ઞદેવે કહેલાં આગમ દરેક પદાર્થના સામાન્ય વિશેષસ્વરૂપનું જ્ઞાન કરાવે છે. તેને જાણીને પોતાના શુદ્ધ જ્ઞાનાનંદ ધ્રુવસ્વભાવનું અવલંબન લેવું તે ધર્મ છે. સામાન્યપણે છ દ્રવ્યો તથા તેના ગુણ-પર્યાયોને જાણીને સ્વભાવની દૃષ્ટિ કરતાં તે જ્ઞાન સમ્યક્‌રૂપે પરિણમી જાય છે. જુઓ, આમાં સૂક્ષ્મબુદ્ધિની જરૂર છે. આ સમજવામાં કંટાળો ન આવવો જોઈએ પણ આ સમજવામાં તો જ્ઞાનની વિશાળતા છે. જાણવાનું પ્રયોજન તો ચિદાનંદ સ્વભાવ તરફ વળવું તે જ છે.

અહીં પર્યાયાર્થિકનું સ્વરૂપ કહે છે. અહીં સામાન્યમાં ભેદ પાડવા તેને પર્યાયાર્થિકનય કહ્યો છે ને આગળ સાતનયોમાં ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ ને એવંભૂત—એ ચાર નયોને પર્યાયાર્થિકનય તરીકે વર્ણવશે ને સત્ વગેરેને દ્રવ્યાર્થિકનયમાં લેશે. જેમાં કાળભેદ ન પડે તે બધોય દ્રવ્યાર્થિકનયનો વિષય લેશે ને જેમાં એક સમયના કાળનો ભેદ પડે તેને પર્યાયાર્થિકનય કહે છે.

સત્ અપેક્ષાએ બધા દ્રવ્યો સત્ છે તેથી તે સામાન્ય છે ને તેમાં ચેતન-અચેતન એવા બે ભેદ પાડવા તે પર્યાયાર્થિકનયનો વિષય છે. સામાન્યમાં ભેદ પાડયા માટે પર્યાયાર્થિકનય થયો. આગળ તેને દ્રવ્યાર્થિકનયના વિષયમાં જાણીને સંગ્રહનયમાં ગણશે.

વળી સામાન્ય ચૈતન્યસ્વભાવ અપેક્ષાએ બધા જીવો ચેતન છે. તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે ને તેમાં કોઈ સિદ્ધ ને કોઈ સંસારી એવા બે ભેદ છે તે પર્યાયાર્થિકનયનો વિષય છે.

જુઓ, આ શાસ્ત્ર ઘણું જૂનું છે, ઈતિહાસકારો તો કહે છે કે આ શાસ્ત્ર સમયસાર કરતાં પણ લગભગ ૨૦૦ વર્ષ જૂનું છે. એટલે લગભગ ૨૨૦૦ વર્ષ પહેલાંનું શાસ્ત્ર છે. તેમાં સર્વજ્ઞભગવાને કહેલું રહસ્ય સંતોએ મૂકી દીધું છે.

સાત નયોના વર્ણનમાં તો સામાન્ય સંગ્રહ કરીને સત્‌ને સંગ્રહનયનો વિષય કહેશે ને તેમાં જીવ-અજીવ એવ ભેદ પાડવા તેને વ્યવહારનયનો વિષય કહેશે. એટલે તે બંને દ્રવ્યાર્થિકનયમાં સમાય છે.

પણ અહીં બીજી વિવક્ષાથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનું વર્ણન કર્યું છે. સામાન્ય વર્ણન તે દ્રવ્યાર્થિકનય અને તે સામાન્યના વિશેષ ભેદો પાડવા તે પર્યાયાર્થિકનય છે. સંસારી

જીવો અપેક્ષાએ ત્રસ-સ્થાવર બધા જીવો તેમાં સમાઈ જાય છે, તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે ને તે સામાન્યને લક્ષમાં રાખીને તેના ત્રસ-સ્થાવર વગેરે ભેદ પાડવા તે વિશેષ છે ને તે પર્યાયાર્થિકનયનો વિષય છે. સામાન્ય સત્‌ને માને પણ તેમાં છ દ્રવ્યોનાં વિશેષ પડ્યાં છે તેને ન માને, એક પણ દ્રવ્યને ઓછું માને તો તે સર્વજ્ઞનો માર્ગ નથી.

અચેતન-સામાન્યપણાની અપેક્ષાએ પાંચ દ્રવ્યો આવી જાય છે ને તેમાં પુદ્‌ગલ વગેરે વિશેષ ભેદ છે. વળી પુદ્‌ગલ સામાન્ય છે તેમાં પરમાણુ અને સ્કંધના ભેદ પાડવા તે વિશેષ છે, એ પ્રમાણે વિશેષ ભેદો તે પર્યાયાર્થિકનયનો વિષય છે.

હવે દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદો નૈગમ-સંગ્રહ ને વ્યવહારનું વર્ણન કરે છે, તેમાં પ્રથમ નૈગમનયનું વર્ણન કરે છે.

यः साधयति अतीतं विकल्परूपं भविष्यं अर्थं च ।
सम्प्रतिकालाविष्टं सः स्फुटं नयः नैगमः ज्ञेयः ॥ २७१ ॥

અર્થ:— જે નય ભૂત, ભવિષ્ય તથા વર્તમાનરૂપ વિકલ્પથી સંકલ્પમાત્ર (પદાર્થને) સાધે તે નૈગમનય છે. ૨૭૧.

અહો! જાણે અત્યારે જ સાક્ષાત્ ભગવાન પાસે બેઠા હોઈએ ને દિવ્યધ્વનિ સાંભળતા હોઈએ—એમ પૂર્વ કાળને વર્તમાનપણે જ લક્ષમાં લેવો તે નૈગમનય છે.

ભૂતકાળમાં ભગવાનનો સાક્ષાત ઉપદેશ સાંભળ્યો હોય તેને જ્ઞાનના બળે વર્તમાનમાં ઝીલી દેવો કે અહો અત્યારે જ અમે ભગવાનની સન્મુખ બેઠા છીએ ને ભગવાનની વાણી સાંભળી રહ્યા છીએ. આ પ્રમાણે કાળનો ભેદ તોડીને ભૂતકાળની પર્યાયને વર્તમાનપણે સાધવી તે નૈગમનય છે. ભૂતકાળમાં ભગવાન પાસે સાક્ષાત દિવ્યધ્વનિ સાંભળ્યો હોય ત્યાં તેને મુખ્ય કરીને વર્તમાનમાં એમ કહેવું કે અહો! અમે ભગવાન પાસે બેઠા છીએ ને ભગવાનની વાણી ઝીલી રહ્યા છીએ, ગણધરો, સંતો બેઠા છે – એમ ભૂતને વર્તમાનપણે જાણવું – તે નૈગમનય છે. આમાં જ્ઞાનનો પુરુષાર્થ છે. જ્ઞાનીને જ આવો નય હોય છે.

એ જ પ્રમાણે ભૂતકાળમાં ગીરનાર પર્વત ઉપરથી નેમનાથ ભગવાન મોક્ષ પધાર્યા, તેને વર્તમાનમાં યાદ કરીને કહેવું કે અહો! ભગવાન અત્યારે જ મોક્ષ પધાર્યા! જ્ઞાન-વડે ભૂતકાળને વર્તમાનપણે જાણે છે. અહો! જાણે કે મારી સન્મુખ જ નેમનાથ ભગવાન ગીરનાર ઉપરથી ઉર્ધ્વગમન કરી રહ્યા હોય – એમ પોતાના જ્ઞાનમાં કાળભેદ કાઢી નાખીને જાણવું તે નૈગમનય છે.

ભવિષ્યમાં સિદ્ધપર્યાય થવાની છે, તેનો કાળભેદ કાઢીને પોતે એમ કહેવું કે અહો! "હું સિદ્ધ થઈ ગયો" તે નૈગમનય છે. પણ તેવો નય કોને હોય? કે જેને સ્વભાવની

દૃષ્ટિ વર્તમાનમાં પ્રગટી હોય! વર્તમાન પર્યાયમાં સિદ્ધદશા ન હોય, જ્ઞાની પોતાના જ્ઞાનની ઉગ્રતાના બળે વર્તમાનને ગૌણ કરીને અને ભવિષ્યકાળની સિદ્ધપર્યાયને મુખ્ય કરીને પોતાને વર્તમાનમાં સિદ્ધપણે લક્ષમાં લ્યે છે.

અહો! ભગવાનના પંચકલ્યાણકમાં જાણે હું હાજર હતો; મારી સન્મુખ જ ભગવાનના પંચકલ્યાણક અત્યારે થઈ રહ્યા હોય એમ જાણવું તે નગમનય છે. આ નૈગમ-નય કાળના ભેદને કાઢી નાખે છે.

ભાવાર્થ:— ત્રણકાળના પર્યાયોથી અન્વયરૂપ છે તે દ્રવ્ય છે તેને પોતાના વિષયથી ભૂતકાળની પર્યાયને પણ વર્તમાનવત સંકલ્પમાં લ્યે, ભવિષ્યકાળની પર્યાયને પણ વર્તમાન-વત્ સંકલ્પમાં લે તથા વર્તમાનકાળની પર્યાયને તે નિષ્પન્ન હોય યા અનિષ્પન્ન હોય તો પણ નિષ્પન્નરૂપ સંકલ્પમાં લે એવા જ્ઞાન તથા વચનને નૈગમનય કહે છે.

યથાર્થ વસ્તુસ્વરૂપના ભાન સહિત આ નયો છે, વર્તમાન પર્યાય જેટલી છે તેનો ખ્યાલ છે, વસ્તુની દૃષ્ટિ થઈ છે ને અલ્પકાળમાં સિદ્ધદશા થવાની છે, ત્યાં ભવિષ્યની પર્યાયનો કાળભેદ કાઢીને એમ કહી દેવું કે "હું સિદ્ધ થઈ ગયો" તે નૈગમનય છે. કાર્યની જરાક શરૂઆત થઈ હોય ત્યાં એમ કહી દેવું કે "કાર્ય થઈ ગયું"—તે પણ નૈગમનય છે. વર્તમાનપર્યાય જેટલી હોય તેટલી જ જાણવી તે નૈગમ નથી, પણ તેમાં ભૂત-ભવિષ્યને ભેળવીને કહેવું તે નૈગમનય છે. વર્તમાનમાં અમુક પામરતા હોય, ત્યાં વિશેષ પામરતા કહેવી તે પણ નૈગમનયમાં સમાય છે. ત્યાં પુરુષાર્થની ઉગ્રતા કરવાનું પ્રયોજન છે.

નૈગમનય છે તે સર્વ નયના વિષયને મુખ્ય-ગૌણપણે સંકલ્પ કરીને પોતાનો વિષય કહે છે, મનુષ્યપર્યાય હોવા છતાં સિદ્ધપર્યાય કહે, ત્યાં વર્તમાન સિદ્ધપર્યાય નથી છતાં ભાવિ પર્યાયનો વર્તમાનપણે સંકલ્પ કરીને કહ્યું, તે નૈગમનય છે.

સિદ્ધ ભગવાનને તીર્થંકર તરીકે સંબોધિને સ્તુતિ કરે કે "હે ત્રિશલા માતાના નંદન! આપ સમવસરણમાં બિરાજો છો," તે પણ નૈગમનય છે. આ પ્રમાણે સર્વનયના મુખ્યતા – ગૌણતાથી પોતાના સંકલ્પરૂપે વિષય કરે છે. જેમકે—મનુષ્ય નામના જીવદ્રવ્યને સંસાર પર્યાય છે, સિદ્ધપર્યાય છે તથા આ મનુષ્યપર્યાય છે એમ કહે તો ત્યાં સંસાર-પર્યાય તો અતીત – અનાગત–વર્તમાન ત્રણકાળ સંબંધી પણ છે, સિદ્ધપણું અનાગત જ છે તથા મનુષ્યપણું વર્તમાન જ છે. છતાં આ નયના વચનથી અભિપ્રાયમાં વર્તમાન–વિદ્યમાનવત્ સંકલ્પથી પરોક્ષરૂપ અનુભવમાં લઈને કહે કે 'આ દ્રવ્યમાં મારા જ્ઞાનમાં હાલ આ પર્યાય ભાસે છે.' એવા સંકલ્પને નૈગમનયનો વિષય કહે છે, એમાંથી કોઈને મુખ્ય તથા કોઈને ગૌણરૂપે કહે છે.

તીર્થંકરની પ્રતિમા સામે સ્તુતિ કરતાં પૂર્વે થયેલા સાક્ષાત તીર્થંકરનો વર્તમાનમાં આરોપ કરીને તેની સાક્ષાત્ તીર્થંકરપણે વર્તમાનમાં સ્તુતિ કરે કે હે નાથ! આપની

પાસે અનંત કેવળજ્ઞાન ખજાનો છે, તેમાંથી મને આપો. “ હે નાથ કૃપા કરો, હે નાથ! દિવ્યધ્વનિ એકવાર સંભળાવો ”—આમ ભગવાન પાસે વિનંતી કરે. સ્વભાવનું ભાન થયું ત્યાં ભગવાન પ્રત્યે ઉલ્લાસ આવી જાય છે અને ભગવાન પ્રત્યે કહે છે કે હે નાથ! આપણે બન્ને સાથે રખડતાં અને તમે મોક્ષમાં ચાલ્યા ગયા ને હું સંસારમાં રહ્યો–તે નહિ પાલવે; મને પણ મોક્ષદશા આપે. જ્ઞાની જિનપ્રતિમાને જિનેંદ્ર સમાન જ દેખે છે, તેમાં સંદેહ કરે તે મૂર્ખ છે. પોતાના જ્ઞાનમાં ભગવાનને વર્તમાનપણે લક્ષમાં લઈને પોતે પુરુષાર્થ ઉપાડે છે.

અલ્પ ભવ જેની સ્થિતિ રહી હોય તે જ જીવ જિનપ્રતિમાને જિન સમાન જાણે છે. પોતાને પોતાના સ્વભાવની ઉગ્રતા થઈ છે, ત્યાં સામે ભગવાનને પણ સાક્ષાત્ જ જાણે છે. પૂર્વે ભગવાન જોયા હોય ને વર્તમાનમાં વિરહ હોય, પણ નૈગમનયના બળે–જાણે વર્તમાનમાં જ ભગવાન સાક્ષાત્ હોય–એમ સંકલ્પ કરીને જ્ઞાની તે વિરહને તોડી નાખે છે.

ભવિષ્યમાં સિદ્ધ થનાર જીવને દેખે ત્યાં જ્ઞાની સમ્યગ્જ્ઞાનથી કહે છે કે અહો! મારા જ્ઞાનમાં આ દ્રવ્યની સિદ્ધપર્યાય વર્તમાન ભાસે છે. તીર્થંકરનો આત્મા જન્મે ત્યાં “ આ તીર્થંકર છે ” એમ ભાવિ નૈગમનયથી જાણીને ઇંદ્ર–ઇંદ્રાણી તેમની ભક્તિ કરે છે ને હજાર આંખો કરીને ઇન્દ્ર તેમના દિવ્યરૂપને નિહાળે છે. અહો! અંદરમાં ચૈતન્યમૂર્તિ ભગવાનને નિહાળનારા ઇન્દ્રને પણ ભગવાન પ્રત્યે ભક્તિ ઊછળતાં હજાર આંખ કરીને ભગવાનના દેહનું રૂપ નિહાળે છે ને કહે છે કે હે નાથ! જગતમાં જેટલા શાંત શાંત શીતળ સુંદર પરમાણુઓ હતા તે બધાય આપના દેહરૂપે પરિણમી ગયા છે. જન્મ્યા ત્યારે કાંઈ તીર્થંકર નથી, તીર્થંકરપ્રકૃતિનો ઉદય તો તેરમા ગુણસ્થાને છે છતાં વર્તમાનમાં તેમને તીર્થંકરપણે નિહાળીને ભક્તિ કરે છે, તેમાં પણ નૈગમનય છે. જ્ઞાયકસ્વભાવની પ્રતીતિ થઈ છે ત્યાં યથાર્થ વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે પ્રેમ અને ભક્તિ ઉલ્લસે છે, ત્યાં ભક્તિથી કહે છે કે હે નાથ! તારાં ચરણકમળના પ્રસાદથી હું સંસારને તરી ગયો! આમ પોતાના ભાવનો સામામાં આરોપ કરીને કહે છે. નૈગમનયના ઘણાં ઘણાં પ્રકારો પડે છે.

જુઓ, તીર્થંકર જન્મે ત્યાં ઇન્દ્ર-ઇન્દ્રાણી આવીને તાંડવનૃત્ય કરે, શરીર વાંકું ચૂંકું કરીને ભક્તિથી નાચે. ઇન્દ્ર ક્ષાયિક સમકિતી છે. ઇન્દ્ર-ઇન્દ્રાણી બન્ને એકાવતારી છે, પણ તીર્થંકર ભગવાન પ્રત્યે આવો ભક્તિભાવ ઊછળે છે. બાળક જન્મ્યા ત્યારથી જ તેને તીર્થંકરપણે દેખે છે! સમ્યગ્દર્શન સહિતના સમ્યગ્જ્ઞાનમાં આવો આવો નૈગમનય હોય છે. ભક્તિનો ઉત્સાહ આવતાં ભાવિ તીર્થંકરને વર્તમાનપણે દેખે, અહો નાથ! આપ તીર્થંકર છો એમ નૈગમનયથી જ્ઞાનને લંબાવીને કાળભેદને તોડી નાખે છે. ઇત્યાદિ અનેક પ્રકારના નૈગમનય જાણવા. નૈગમનય તે દ્રવ્યાર્થિકનયનો એક પ્રકાર છે. હવે સંગ્રહનયનું સ્વરૂપ કહે છે.

यः संग्रह्णाति सर्वं देशं वा विविधद्रव्यपर्यायम् ।
अनुगमलिङ्गविशिष्टं सः अपि नयः संग्रहः भवति ॥ २७२ ॥

અર્થ:— જે નય સર્વ વસ્તુને વા તેના દેશને અર્થાત્ એક વસ્તુના સર્વ ભેદોને અનેક પ્રકાર દ્રવ્યપર્યાય સહિત અન્વયલિંગવિશિષ્ટ સંગ્રહ કરે—એકરૂપ કહે તે સંગ્રહનય છે. ૨૭૨.

સામાન્ય-વિશેષ અનેક પ્રકારો હોય, તેમાં ભેદ પાડયા વગર સામાન્ય સંગ્રહથી બધાનું એકપણે કથન કરવું તે સંગ્રહનય છે.

ભાવાર્થ :—સર્વ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યલક્ષણ સત્થી દ્રવ્ય-પર્યાયોથી અન્વયરૂપ 'એક સત્માત્ર છે' એમ કહે, વા સામાન્ય-સત્સ્વરૂપ દ્રવ્યમાત્ર વા વિશેષ સત્રૂપે પર્યાયમાત્ર છે, વા જીવવસ્તુ ચિત્સામાન્યથી એક છે વા સિદ્ધત્વસામાન્યથી સર્વ સિદ્ધો એક છે, વા સંસારીત્વસામાન્યથી સર્વ સંસારી જીવ એક છે ઇત્યાદિ, તથા અજીવ સામાન્યથી પુદ્ગલાદિ પાંચે દ્રવ્ય એક અજીવદ્રવ્ય છે, વા પુદ્ગલત્વસામાન્યથી અણુસ્કંધ ઘટ-પટાદિ એક પુદ્ગલદ્રવ્ય છે, ઇત્યાદિ સંગ્રહરૂપ કહે તે સંગ્રહનય છે.

સિદ્ધ અને સંસારી વગેરે ભેદોનો સંગ્રહ કરીને કહેવું કે "જીવો છે" તે સંગ્રહનયનો વિષય છે.

જુઓ, આ નયોનાં ઘણાં ઘણાં પડખા છે તે ન સમજાય તો એમ બહુમાન આવવું જોઈએ કે અહો ! સંતો તો જ્ઞાનના દરિયા છે. તેમણે આવી અલૌકિક વાત કરી છે પણ હું મારી મંદ બુદ્ધિને લીધે સમજી શકતો નથી.

સંગ્રહનયમાં સામાન્ય ગ્રહણ કર્યું તેમાં વ્યવહારનય ભેદ પાડે છે તે કહે છે :—

यत् संग्रहेण गृहीतं विशेषरहितं अपि भेदयति सततं ।
परमाणुपर्यन्तं व्यवहारनयः भवेत् सः खलु ॥ २७३ ॥

અર્થ :—સંગ્રહનય દ્વારા વસ્તુને વિશેષરહિત ગ્રહણ કરી હતી તેને પરમાણુ પર્યંત નિરંતર જે નય ભેદે તે વ્યવહારનય છે. ૨૭૩.

બધા જીવો છે —એમ કહ્યું તે સંગ્રહનયનો વિષય થયો, તેમાં સિદ્ધ ને સંસારી વગેરે ભેદ પાડયા તે વ્યવહારનયનો વિષય છે. "બધું સત્ છે" એમ સંગ્રહનયે જાણ્યું ત્યાં તેમાં સત્ના-દ્રવ્યસત્ ગુણસત્ ને પર્યાયસત્—એવા ભેદ પાડીને વ્યવહારનય જાણે છે. સામાન્ય સત્ કહ્યું તે સંગ્રહનયનો વિષય ને તેમાં દ્રવ્યસત, પર્યાયસત્—એવા ભેદ પાડવા તે વ્યવહારનયનો વિષય છે. આ નય પણ દ્રવ્યાર્થિકનયમાં સમાય છે. [ક્રમશઃ]

# ✻ જ્ઞાનીની અદ્ભુત દશા ✻

['બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૯૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, ]

[ ભાગ-૩ માંથી ]

'જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે.'

જેને શરીર આદિ પરદ્રવ્યોથી અને શુભાશુભ રાગરૂપ વિભાવોથી ભિન્ન નિજ જ્ઞાનાનંદમૂર્તિ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવનું સમ્યગ્દર્શન થયું છે એવા સાધક જ્ઞાનીને પરિણતિ, સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થઈ નથી તેથી, બહારમાં—શુભાશુભ રાગ વગેરેમાં—જાય છે તો ખરી, પરંતુ તે વખતે પણ તેને અંદર પરિણમનમાં જ્ઞાયક જુદો ને જુદો વર્તે છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય, પ્રવચન-શ્રવણ વગેરે શુભ રાગ તેમ જ વેપારધંધા વગેરેના અશુભ પરિણામ જ્ઞાની ધર્માત્માને પણ આવે, ભૂમિકા અનુસાર પરિણતિ બહાર દેખાય, પણ તે જ વખતે તેને દૃષ્ટિમાં જ્ઞાયકનો આશ્રય સતત વર્તે છે.

'જેમ કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી.'

જેમ કોકને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, ત્યાં પણ તે પાડોશીને પોતાનો માની લેતો નથી, તેમ જ્ઞાનીને પર્યાયમાં અસ્થિરતાજનિત વિભાવપરિણમન છે ખરું, પણ તેની સાથે તેને કદી એકત્વ થતું નથી. આ વાતને બેન સ્હેજ આ બોલમાં વિશેષ સ્પષ્ટતાથી કહેશે.

જ્ઞાનીને રાગાદિ વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી, છતાં પણ તેને પર્યાયમાં જેટલો રાગાંશ આવે છે તેટલું દુઃખનું વેદન છે. દૃષ્ટિ-અપેક્ષાએ તે રાગાદિ વિભાવનો કર્તા, ભોક્તા કે સ્વામી નથી, તેની સાથે એકત્વરૂપ પરિણમન નથી, પણ પર્યાયમાં જેટલા અંશે અંદર જ્ઞાયકપ્રભુના આશ્રયે વીતરાગતા પ્રગટ થઈ અને તે સમયે જેટલા અંશે પરલક્ષી પરિણમનથી વિભાવ થયો, તે બન્નેનું વેદન તેને એકસાથે હોય છે. વિભાવપરિણમન વખતે પણ તેને જ્ઞાયક જુદો ને જુદો જ વર્તે છે. જ્ઞાની જાણે છે કે સ્વભાવના આશ્રયે પ્રગટેલા આનંદનું વેદન પણ મારામાં છે અને સાથે જેટલો રાગ

છે તેટલું દુઃખનું વેદન પણ મારામાં છે, પણ રાગના વેદનથી આનંદનું વેદન ભિન્ન છે, જાત જ જુદી છે.

અહા! ભગવાન આત્માનું—તેના ચમત્કારી દ્રવ્ય, ચમત્કારી ગુણો અને ચમત્કારી નિર્મળ પર્યાયોનું—જેને અંદરમાં જ્ઞાન-ભાન થયું તેને જ્ઞાયક જુદો જ વર્તે છે. પર્યાયમાં વિભાવ છે પણ તેની સાથે કદી એકત્વ થતું નથી. પર્યાયમાં આનંદ ને દુઃખ બન્ને એકસાથે છે ખરાં, પણ તેમનું એકત્વ થતું નથી, બંને જુદા જ છે. અહીં તો દ્રવ્ય-દૃષ્ટિની વાત ચાલે છે ને? જ્ઞાનીને વિભાવમાં કદી પણ એકત્વપરિણમન થતું નથી, જ્ઞાયક જુદો જ વર્તે છે.

'જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.'

અહા! જ્યાં શુભ રાગનો પણ લેપ એકત્વ તરીકે પોતાનાં દ્રવ્ય, ગુણ ને પર્યાયમાં નથી ત્યાં બીજા બહારના લેપની તો જ્ઞાનીને વાત જ ક્યાં રહી? જ્ઞાનીને વિભાવ તો ભિન્નપણે ઉપર ઉપર તરે છે, અંદર સ્વભાવમાં પેસી ગયો નથી. વિભાવ-ઉપર ઉપર તરે છે તેથી વિભાવનું વેદન નથી એમ કોઈ કહે તો તે બરાબર નથી. સાધકને આનંદના પરિણમન સાથે જેટલી કચાશ છે એટલું રાગરૂપ પરિણમન છે, પણ તે બન્નેનું એકત્વ થતું નથી. અહા! એક પર્યાયના બે ભાગ! જેટલું આનંદનું વેદન તેટલું મારું અને જેટલો રાગનો સ્વાદ તે મારી ચીજ નહિ, તેનાથી હું ભિન્ન છું—એવો જ્ઞાનીને વિવેક છે.

જેમ કામધેનું ગાય જ્યારે માગો ત્યારે ચોવીશેય કલાક દૂધ આપે, તેમ કામધેનુ-તુલ્ય ભગવાન આત્મા દૃષ્ટિગત થતાં સદાય આનંદ આપે. સ્વરૂપમાં એકાગ્રતા થતાં અંદરથી આનંદ, આનંદ ને આનંદની ધારા છૂટે, અરે! આવી વાત ક્યાં અને ક્યારે સાંભળવા મળે! ઉપદેશકોએ તો 'દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો' એમ જીવોને શુભ રાગના કર્તૃત્વમાં ચડાવી દીધા છે; પણ ભાઈ! આત્માનો મારગ અંદર કોઈ જુદો જ છે. અહીં તો એમ કહેવું છે કે ધર્માત્મા જ્ઞાનીનું પરિણમન અંદર કમળની જેમ સદા નિર્લેપ રહે છે. જ્ઞાની તો વિભાવથી ભિન્નપણે ઉપર તરતા ને તરતા રહે છે, તેમને વિભાવ છે તો ખરો, પણ તેની સાથે કદી પણ એકત્વ થતું નથી.

(તા. ૧૦-૧૦-૮૯)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી સમયસાર' (પંદરમીવારના) તેમ જ સાંજે 'અષ્ટપાહુડ' (૧૯૭૦ના) ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ-પ્રવચન, બપોરે શાસ્ત્ર-પ્રવચન અને ત્યાર બાદ જિનેન્દ્રભક્તિ, રાત્રે શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આપણા આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ-અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* પર્યુષણપર્વમાં શ્રી દશલક્ષણમંડલવિધાન પૂજા (૧) પુષ્પાબેન મનસુખલાલ દેશી (મુંબઈ) તથા (૨) શ્રી નાનાલાલ હરજીવનદાસ ભાલાણી, હ: શ્રી રમેશભાઈ ભાલાણી (બોટાદ) તરફથી રાખવામાં આવી હતી.

* પ્રતિવર્ષ અનુસાર આ વર્ષે પણ 'શ્રી મહાવીર-નિર્વાણ' નિમિત્તે દીપાવલીના મંગલ અવસરે સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આસો વદ-૧૧, બુધવાર તા. ૨૫-૧૦-૮૯ થી આસો વદ અમાસ, રવિવાર, તા. ૨૯-૧૦-૮૯—પાંચ દિવસનો 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક' પૂજા-સમારોહ રાખવામાં આવ્યો છે. દીપાવલી-મહોત્સવ તેમજ 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક' પૂજા-સમારોહનો લાભ લેવા માટે દર વર્ષે બહારગામથી પણ અનેક મુમુક્ષુઓ આવે છે, કારતક સુદ એકમ-નૂતન વર્ષારંભનો મંગલ દિવસ પણ પૂજા ભક્તિના વિશેષ સમારોહપૂર્વક મનાવવામાં આવશે.

## * નાઇરોબી-પર્યુષણસમાચાર *

નાઇરોબી (કેન્યા) શ્રી દિ૦ જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી કરમણભાઈ નરશી શાહ જણાવે છે કે—પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના લોકોત્તર પુણ્ય પ્રતાપે

તેમ જ પ્રભાવનાયોગે અત્રે નિર્મિત અમારા શ્રી મહાવીરસ્વામી દિ૦ જિનમંદિરમાં, પર્યુષણ પ્રસંગે પ્રવચન આપવા અમારા મંડળનું આગ્રહભર્યું હાર્દિક આમંત્રણ સ્વીકારી, રાજકોટનિવાસી અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન આત્માર્થી ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી, આ યુગના શ્રેષ્ઠ ચૈતન્યરત્ન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અમારા મંડળ પર કરુણાભરી કૃપાદૃષ્ટિથી તથા તેમની મંગળ આશિષથી, અહીં પધાર્યા તે અમારા માટે અતિ આનંદની વાત છે. તેમણે આપેલાં અધ્યાત્મપ્રવચનો અને શિક્ષણ વગેરે કાર્યક્રમ દ્વારા અમારે આંગણે શ્રી દશલક્ષણપર્યુષણપર્વ ખૂબ જ આનંદપૂર્વક ઉજવાયા છે, જેનો અમને સૌને અત્યંત હર્ષ છે.

વિશેષ વાત તો એ છે કે પોતાની ધીકતી મેડિકલ પ્રેકટીસ અને ઘર–પરિવારની જરાય દરકાર કે ચિંતા કર્યા સિવાય ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી અત્રે પધાર્યા; અને ત્રણ અઠવાડિયા રહી, પ્રતિદિન ત્રણ વખત (લગભગ ચાર કલાક સુધી) અધ્યાત્મનાં સુંદર ન્યાયભર્યા પ્રવચનો આપી અમારા મુમુક્ષુસમાજ ઉપર જે કલ્પનાતીત મહાન ઉપકાર કર્યો છે તે અમારા માટે ચિરસ્મરણીય છે. અમે આ મહાન લાભથી પ્રમુદિત થઈને ભાવના ભાવીએ છીએ કે ડૉ. શ્રી પ્રવીણભાઈ જેવા આત્માર્થી વિદ્વાનના આત્મામાં શ્રી જિનવાણી સદાય વસી રહો; અને તેઓશ્રી શીઘ્ર ભેદજ્ઞાન ને આત્માનુભૂતિ સાધી, રત્નત્રય પ્રગટાવી, પંચમગતિને—મોક્ષદશાને પામો.

પ્રવચનો ઉપરાંત પર્યુષણના દશ દિવસોમાં દેવદર્શન, જિનપૂજા, ભક્તિ, પ્રતિક્રમણ અને આરતી વગેરેનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. તા. ૯–૯–૮૯ના રોજ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો, જે દ્વારા શ્રી દિગંબર જૈન ધર્મના સિદ્ધાન્તોની સુંદર પ્રભાવના થઈ હતી. —❀—

[ વૈરાગ્ય સમાચાર....પૃષ્ઠ ૨૯થી ચાલુ ]

* ડૉ. હરીભાઈ એમ. પારેખ—પાલનપુરનિવાસી (વર્ષ–૭૨) તા. ૧૮–૯–૮૯ ના રોજ સુરત મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અવારનવાર સોનગઢ આવીને રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાનો તેઓએ સપરિવાર લાભ લીધો હતો.

* જામનગરનિવાસી હાલ સોનગઢ શાન્તાબેન લીલાધરભાઈ વકીલ (વર્ષ–૭૬) (ગુલાબબેનના બેન) તા. ૩૦–૯–૮૯ ના રોજ સોનગઢમાં આત્મજાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢમાં ૫૦ વર્ષથી રહેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અનન્ય ભક્તિ હતી. ઘણા સમયની માંદગી હોવા છતાં પરિણામમાં શાંતિ હતી.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

## વૈરાગ્ય સમાચાર :—

* રાણપુરનિવાસી શ્રી પોપટલાલ વલમજી ખત્રી (વર્ષ–૮૭) તા. ૫–૯–૮૯ ના રોજ વડોદરા મુકામે હાર્ટફેઈલ થતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમનો લાભ લીધો હતો.

* વઢવાણનિવાસી હાલ બોરીવલી શ્રી નવીનભાઈ વાડીલાલ સોગડી (વર્ષ–૬૨) તા. ૧૩–૯–૮૯ ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામેલ છે. પૂજ્ય બહેનશ્રીની ૭૫ મી જન્મજયંતિ વખતે સોનગઢ આવીને જન્મ વધાઈનો લાભ લીધેલ હતો.

* શ્રી જ્ઞાનચંદજી દિલ્હીવાળા (વર્ષ–૬૦) અનંતચતુર્દશી તા. ૧૪–૯–૮૯ ના રોજ વિશુદ્ધ પરિણામપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બેનશ્રી પ્રત્યે અત્યંત ભક્તિ હતી. તેઓ બહુ આત્માર્થી, વૈરાગી અને શાંત–સ્વભાવી હતાં. તેમણે અધ્યાત્મના અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તેમનામાં અધ્યાત્મના પદો રચવાની કવિત્વશક્તિ સહજ હતી. આથી જે અધ્યાત્મ–શાસ્ત્રોનું તેઓ અધ્યયન કરતાં, તે શાસ્ત્રની મૂળ ગાથાઓનો હિંદી પદ્યાનુવાદ પણ સાથે સાથે તેઓ કરતા હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૯૧ માં વર્ષે સ્વર્ગારોહણ કર્યું તે નિમિત્તે ૯૧ આધ્યાત્મિક શાસ્ત્રોનાં પદ્યાનુવાદના ગ્રંથો છપાવીને પ્રસિદ્ધ કરવાની તેમની ભાવના હતી. તેમાંથી પુષ્પ નં. ૪૬–૪૭–૪૮ એમ ત્રણ શાસ્ત્રોનો એક સંયુક્ત ગ્રંથ ‘અમૃતચંદ્ર જ્યોત્સ્ના’ હાલમાં જ પૂજ્ય બેનશ્રીની ૭૬ મી જન્મ–જયંતિ પ્રસંગે સોનગઢ આવીને તેની પ્રકાશન વિધિ આદરણીય આત્માર્થી પં. શ્રી હિંમતભાઈના હસ્તે કરાવી હતી. સરકારી ખાતામાં સાહિત્ય–વિભાગમાં તેઓ એક ઉચ્ચ અધિકારી હતાં. બે વર્ષથી તેઓ રીટાયર્ડ થયા હતાં અને સોનગઢમાં સ્થાયી રહેવાની તેમની ભાવના હતી. તેમનો એક પત્ર શ્રુતપંચમીના દિવસે લખેલો મુમુક્ષુઓને ખાસ ઉપયોગી હોવાથી તેનો થોડો ભાગ અત્રે આપવામાં આવે છે.

તેઓ લખે છે કેઃ—પ્રચુર શુદ્ધાત્માનુભૂતિમેં લીન અનેક આચાર્ય ભગવંતોકે સહજતાપૂર્વક પ્રગટ હુએ પરમાર્થદર્શક અનેક બોધ વાક્યરૂપ ધર્મરત્નોકા અત્યંત ઉત્તમ સંકલન કરકે પરમાગમ–ચિંતામણિકે રૂપમેં પ્રકાશિત કરકે મુમુક્ષુઓકે લિએ મોક્ષમાર્ગદર્શક એક સર્વાંગપૂર્ણ સામગ્રી ભેટ કી હૈ....જ્યોં જ્યોં ઈસકા અધ્યયન આગે બઢ રહા હૈ, ત્યોં ત્યોં હમારે હૃદયમેં આનંદકી નઈ–નઈ લહરે ઉઠતી હૈં ઔર ઈસ મહામરુસ્થલમેં એસે વિષમ કાલમેં ભી અધ્યાત્મગંગા પ્રવાહિત કરનેવાલે આચાર્ય ભગવંતો, ઉનકે લઘુનંદન જ્ઞાની સાધકો ઔર વર્તમાનમેં સીમંધર-નંદન પૂજ્ય ગુરુદેવ, ભગવતી માતાજીકે અસીમ ઉપકારકા બહુમાન આતા હૈ. આજ શ્રુતપંચમીકે દિન ‘પરમાગમ–ચિંતામણિ’ શ્રુતકી પૂજા કરકે વિશેષ હર્ષ હુઆ હૈ.”

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ–૨૮ ]

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે
સોનગઢમાં પાંચ દિવસનો

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ તા. ૧૫-૧૧-૮૯ થી તા. ૧૯-૧૧-૮૯ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનો નવમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૬, કારતક વદ ૭, રવિવાર, તા. ૧૯-૧૧-૮૯ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૫-૧૧-૮૯, બુધવારથી તા. ૧૯-૧૧-૮૯, રવિવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન અને સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો તથા પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દર્શન વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

* આત્મા અપને આત્માકો, સર્વ બાહરી પદાર્થોંસે ભિન્ન, અપને આત્માકે દ્વારા અનુભવ કરતા હુઆ નિશ્ચયસે કઠિનતાસે પ્રાપ્ત હોને યોગ્ય તથા ઉપમા રહિત પરમાત્મપદકો પ્રાપ્ત કર લેતા હૈ. ક્યા ગાઢ ડટા હુઆ વાંસકે વૃક્ષોંકા સમૂહ અપનેસે આપકો ઘિસતે ઘિસતે શીઘ્ર હી ન બુઝાને યોગ્ય તેજસ્વી અગ્નિપનેકો નહીં પ્રાપ્ત હો જાતા હૈ? ૨૦૭.
(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૪૯) —પરમાગમ-ચિંતામણિ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-મહોત્સવ અંતર્ગત
શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, કાનાતળાવ દ્વારા આયોજિત

# અધ્યાત્મજ્ઞાન શિક્ષણશિબિર

## (તા. ૩-૧૧-૮૯ થી ૫-૧૧-૮૯)

અત્યંત આનંદોલ્લાસ પૂર્વક જણાવવાનું કે— અધ્યાત્મયુગસ્રષ્ટા, સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ, પરમાગમ-રહસ્યોદ્ઘાટક, સ્વાનુભૂતિ-પથપ્રકાશક, કરુણાસાગર, પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત પ્રશમરસનિમગ્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શુભ આશીર્વાદથી અમારા કાનાતળાવ ગામમાં અધ્યાત્મજ્ઞાન શિક્ષણશિબિરનો ઉત્સવ વિ. સં. ૨૦૪૬ કારતક સુદ-૪ શુક્રવાર તા. ૩-૧૧-૮૯ થી કારતક સુદ-૬ રવિવાર તા. ૫-૧૧-૮૯ સુધી એમ ત્રણ દિવસનો મંગળ ઉત્સવ રાખવામાં આવ્યો છે. આ ઉત્સવનો અમૂલ્ય લાભ લેવા માટે દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોને હાર્દિક આમંત્રણ છે.

સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. સર્વે સાધર્મીઓને આ મહાન ઉત્સવનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.

—નિવેદક

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, કાનાતળાવ

ના જય જિનેન્દ્ર

# 卐 પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર 卐

[ વિવિધ પ્રસંગે કરુણાસાગર હૃદયમાંથી પ્રવાહિત થતાં રહેલાં હૃદયોદ્‌ગાર ]

* ધ્રુવના ધ્યેયની ધૂન તે ધર્મ. ન્યાલભાઈને ધ્રુવનું જ રટણ હતું. તેમણે મૂળ તો પર્યાયની એકદમ ગૌણતા કરીને બધી વાત કરી છે, વાત ખોટી નથી, સાચો છે "વ્યવહારો અભૂયત્થો" જે કહ્યું છે એ જ વાત છે. પર્યાયમાત્ર એમણે અભૂતાર્થમાં લઈ લીધી છે. કારણ કે ધ્રુવમાં પર્યાય નથી ને!— એટલે ભિન્ન છે...ભિન્ન છે...એમ કહ્યું છે. મૂળ તો ગૌણતા કરાવી છે.

(સં. ૨૦૨૪ના કારતક સુદ ૧ ના મંગલ સુપ્રભાતની બોણી)

* ચાર શરણમાં આત્મા જ શરણરૂપ છે. ચિદ્‌ચૈતન્યચંદ્રમા સત્ સ્વરૂપ છે, શાશ્વત છે, ઈ રચે કોને? જ્ઞાનની સૃષ્ટિને ઈ કરે છે અને રચે છે. ઈ જ્ઞાનની સૃષ્ટિને રચતાં રચતાં કેવળજ્ઞાન થઈ જાય છે. (સં. ૨૦૨૫ ના કારતક સુદ ૧ ના મંગલ સુપ્રભાતની બોણી)

* દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો શુભરાગ જ્ઞાનીને આવે છે તે "અશુભ વંચનાર્થે" એટલે કે અશુભથી બચવા માટે આવે છે. પણ જેને સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી તેને તો મિથ્યાત્વ પડયું છે તેથી તે અશુભથી બચશે શું? પણ ધર્મી જીવને દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે તેને અશુભથી બચવા શુભ રાગ આવે છે તેમ કહેવાય છે. (મંગલ દીપાવલી, સં. ૨૦૨૭)

* ત્રણલોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે. બીજા દેવ–દેવલાની તો શું વાત! પણ સર્વજ્ઞની શ્રદ્ધા એ પણ શુભભાવ છે. આહાહા! ગજબ વાત છે ને! ત્રણલોકના નાથની ભક્તિ પણ ભવનું કારણ છે!

* એને મનુષ્યપણું તો અનંતવાર પૂર્વે મળ્યું છે. સત્ પુરુષના યોગમાં પણ ઈ પૂર્વે અનંતવાર ગયો છે પણ ઈ પોતાના સ્વભાવના યોગમાં પૂર્વે એક ક્ષણ પણ ગયો નથી. કોઈ દિવસ સ્વભાવમાં બળ કર્યું નથી.

—*—

ભગવાન કહે છે કે અરે પ્રભુ! તારા આત્માની જાત અને અમારા આત્માની જાતમાં કાંઈ ફેર નથી. તેં તારું સ્વરૂપ પ્રગટ કર્યું નથી એટલો જ ફેર છે. માટે પરમાત્મા જેવા જ તારા આત્માની નિર્ભ્રાંત–ભ્રાંતિ રહિત નિઃશંકપણે ભાવના કર! શક્તિએ બધા આત્મા ભગવાન છે. તું તારી ચૈતન્યસત્તાનો સ્વીકાર કર! જાણવું... જાણવું...જાણવું...આ જાણવાની જ્ઞાનશક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા છે તે હું જ છું, જ્ઞાનની સાથે રહેલો આનંદ એ પણ હું જ છું, અતીન્દ્રિય, બેહદ અને પૂર્ણ આનંદ મારું જ સ્વરૂપ છે. આવા જ્ઞાન–આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરતાં–સત્યસ્વરૂપનો સ્વીકાર કરતાં પર્યાયમાં જે સત્યદશા પ્રગટ થાય છે તે જ ખરેખર આત્માનો નિજધર્મ છે.

—પૂજ્ય ગુરુદેવ


સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા.



If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )



Licence No. 3 'Licensed to post without prepayment'



356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012